# સમ્યક્‌ત્વજયંતી-અંક



સાગરસમ ગંભીર મતિ-શ્રુત જ્ઞાન સુનિર્મલ મંગલ હૈ,
સમવસરણમેં કુંદપ્રભુકા દર્શન મનહર મંગલ હૈ;
સીમંધર-ગણધર-જિનધુનિકા સ્મરણ મધુરતમ મંગલ હૈ,
મંગલકારી ભગવતી માતા પાવન મંગલ મંગલ હૈ.

કહાન સંવત-૮ □ (૫૩૩) ✻ આત્મધર્મ ✻ (અંક-૯ વર્ષ-૪૪) □ વીર સં. ૨૫૧૪ માર્ચ, ૧૯૮૮

## 卐 અકર્તાપણાનો—જ્ઞાતાપણાનો પુરુષાર્થ કર 卐

જગતમાં જેમ કહે છે કે ડગલે ને પગલે પૈસાની જરૂર પડે છે, તેમ આત્મામાં ડગલે ને પગલે એટલે કે પર્યાયે પર્યાયે પુરુષાર્થ જ જોઈએ છે. પુરુષાર્થ વગર એક પણ પર્યાય પ્રગટતી નથી. એટલે રુચિથી માંડી ઠેઠ કેવળજ્ઞાન સુધી પુરુષાર્થ જ જોઈએ છે. ૭.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી ]

'જગતમાં જેમ કહે છે કે ડગલે ને પગલે પૈસાની જરૂર પડે છે, તેમ આત્મામાં ડગલે ને પગલે એટલે કે પર્યાયે પર્યાયે પુરુષાર્થ જ જોઈએ છે.'

આત્મા તરફ વળવાનો પર્યાયે પર્યાયે પુરુષાર્થ જોઈએ. પર તરફ જે પુરુષાર્થ વળેલો છે તે તો અનાદિથી છે. હવે પુરુષાર્થની ગતિ, રાગથી ભેદજ્ઞાન કરવા માટે, પર્યાયે પર્યાયે સ્વભાવસન્મુખ વાળવાની છે. રાગથી ભેદજ્ઞાન થયા પછી પણ પર્યાયે પર્યાયે સ્વસન્મુખતાનો પુરુષાર્થ ચાલુ જ હોય છે. રુચિ અનુયાયી વીર્ય. અંદર સ્વભાવની રુચિ થતાં વીર્ય સદા અંતર્મુખ વળ્યા જ કરે છે.

'પુરુષાર્થ વગર એક પણ પર્યાય પ્રગટતી નથી.'

અહા! અંદરમાંથી વીર્ય ઊછળ્યા વિના—વીર્યગુણ વિના—એક પણ પર્યાય પ્રગટતી નથી.

'એટલે રુચિથી માંડી ઠેઠ કેવળજ્ઞાન સુધી પુરુષાર્થ જ જોઈએ છે.'

સ્વરૂપની—શુદ્ધચૈતન્ય, આનંદઘન ને જ્ઞાનપિંડ એવા નિજ આત્માની—રુચિથી માંડીને ઠેઠ કેવળજ્ઞાન સુધી પુરુષાર્થ જ જોઈએ છે. અંતરનું વલણ તેનું નામ પુરુષાર્થ. સ્વભાવની રુચિથી માંડીને પૂર્ણતા સુધીમાં પુરુષાર્થ જ જોઈએ છે.

પુરુષાર્થ જોઈએ છે એટલે શું? આત્મા રાગાદિ વિભાવનો પરમાર્થે અકર્તા છે, અને સ્વભાવથી એ જ્ઞાતા છે. એ જ્ઞાયકસ્વભાવના રુચિ વગેરે અંતર વલણને નાસ્તિથી વિભાવના અકર્તાપણાનો ને અસ્તિથી જ્ઞાતાપણાનો પુરુષાર્થ કહેવાય છે. અહા! અંદર જાણનાર...જાણનાર...જાણનાર તરીકે જાગ્યો, તે જાણનાર જાણનારપણે જ પુરુષાર્થ કરે છે. ચાહે તો ઉદય હોય એને જાણે, નિર્જરા થાય તેને જાણે, બંધ થાય તેને જાણે અને મોક્ષ થાય તેને પણ જાણે—માત્ર જ્ઞાતાપણે રહે. એનો જ્ઞાતાપણાનો પુરુષાર્થ અંદર જ્ઞાતામાં વળ્યા જ કરે છે. બધી શુદ્ધિઓ માટે પર્યાયે પર્યાયે અંદરમાં પુરુષાર્થ જ કામ કરે છે.

—o—

કહાન
સંવત-૮
વર્ષ-૪૪
અંક-૯
[ ૫૩૩ ]




વીર
સંવત
૨૫૧૪
સં. ૨૦૪૪
MARCH
A. D. 1988

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

સમ્યક્ત્વવિભૂષિત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની
૫૬ મી સમ્યક્ત્વ જયંતીના સુ-અવસરે
તેઓશ્રીની ઉપદેશ ગંગામાંથી વીણેલાં

# ૫૬ રત્નો

જેમણે પરમોપકારી પૂજ્ય કહાનગુરુદેવની સ્વાનુભવરસભીની અધ્યાત્મ-વાણીનું રસપાન કરીને પોતાની તીવ્ર લગનીથી ૧૮ વર્ષની લઘુ વયમાં નિર્મળ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને સ્વાનુભવવિભૂષિત આત્મસાધનાનો મંગળ આરમ્ભ કર્યો છે, વીતરાગ દેવ-ગુરુની અનુપમ મહિમા પ્રકાશત કરતી કુન્દકુન્દામ્નાયાનુયાયી કહાનગુરુદેવનો અધ્યાત્મ ઉપદેશનો ગૂઢ મર્મ સમજાવીને મુમુક્ષુ સમાજ પર જે અનેકવિધ ઉપકારામૃત વરસાવી રહ્યા છે, તે સમ્યક્ત્વ-વિભૂષિત સ્વાનુભવરત્ન પ્રશમમૂર્તિ પૂજ્ય બેનશ્રી ચમ્પાબેનની ૫૬ મી સમ્યક્ત્વજયન્તી (ફાગણ વદ ૧૦)ના સુવર્ણ અવસરે તેઓશ્રીની ઉપદેશ-ગંગામાંથી વીણેલાં ૫૬ રત્નો —

ગુરુદેવે ઘણું સંભળાવ્યું છે. ગુરુદેવનો પરમ ઉપકાર છે. આ ભરતક્ષેત્રે બધું—ચૈતન્યનું સ્વરૂપ—સમજાવ્યું હોય તો ગુરુદેવે. ગુરુદેવે જે માર્ગ બતાવ્યો છે તે માર્ગે જ બધાએ ચાલવાનું છે. ૧.

*

દેવ–શાસ્ત્ર–ગુરુનો મહિમા અપાર છે. અંતરમાં શુદ્ધાત્માનો મહિમા લાવીને ધ્યેય એનું જ રાખવું; નિરંતર એનું જ ભેદજ્ઞાન કરવાનો પ્રયાસ કરવો. એ જ કરવાનું છે. ૨.

*

જેમ સ્ફટિક સ્વભાવે નિર્મળ છે પણ લાલપીળા ફૂલની છાયામાં તે લાલપીળો દેખાય છે, તોપણ વસ્તુતઃ તે કાંઈ મેલો (લાલપીળો) થયો નથી; તેમ ચૈતન્યપદાર્થ સ્વભાવે નિર્મળ છે પણ તેની પરિણતિમાં ક્લેશની કાલિમાને લઈને અનેક જાતના વિભાવો દેખાય છે, તોપણ વસ્તુતઃ તે કાંઈ મેલો થઈ ગયો નથી, અંતરમાં દષ્ટિ કરે તો શુદ્ધ છે. ૩.

*

શુદ્ધાત્મા પર દષ્ટિ કરી, એની જ લગની, એની જ ધુન અને એનું જ દિવસ ને રાત—ક્ષણે ક્ષણે—ભેદજ્ઞાન કરવાનું કે 'આ જે વિભાવો છે તે મારો સ્વભાવ નથી, હું તેમનાથી જુદો–ન્યારો ચૈતન્યમય છું.' ૪.

*

જિનવરસ્વામી મળ્યા પણ પોતે તેમને ઓળખ્યા નથી માટે 'જિનવરસ્વામી મળ્યા નથી' એમ શાસ્ત્રમાં આવે છે. એ રીતે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પણ અપૂર્વ છે; એ પણ જીવે કોઈ વાર પ્રાપ્ત કર્યું નથી. ૫.

*

જ્ઞાન–આનંદ વગેરે અનંત ધર્મોવાળો આત્મા કોઈ અપૂર્વ મહિમાવંત મહાપદાર્થ છે. તેને ઓળખવાનો સતત પ્રયત્ન કરવામાં આવે તો તે અવશ્ય પ્રગટ થાય છે. ૬.

*

આત્માનો સ્વભાવ તો અનાદિ–અનંત સદાશુદ્ધ પરિપૂર્ણ છે. સ્વાનુભૂતિ પ્રાપ્ત કરનારને તે સ્વભાવનો અંશ પ્રગટ થાય છે. પરંતુ

તેને તે અંશથી શાંતિ–તૃપ્તિ–સંતોષ થઈ જતો નથી; તેને ભાવના તો સદાય પૂર્ણ વીતરાગતાની રહે છે. ૭.

*

પુરુષાર્થની મંદતાને લીધે પોતે ભલે માત્ર સમ્યગ્દષ્ટિ જ હો, ગૃહસ્થદશામાં હો, તોપણ તેને ભાવના તો એવી જ રહે છે કે ક્યારે હું મુનિદશા પ્રાપ્ત કરું, ક્યારે હું પૂર્ણ વીતરાગતારૂપે પરિણમી જાઉં. તેને સદા નિર્વિકલ્પ સ્વાનુભૂતિ, આત્મામાં પ્રચુર લીનતા ને પૂર્ણ વીતરાગતાની ભાવના રહે છે. એક અંશથી તેને સંતોષ થતો નથી. ૮.

*

અહીં (સુવર્ણપુરીમાં) ગુરુદેવ બિરાજતા હતા અને નિરંતર તેમની ચૈતન્યરસઝરતી અમૃતવાણી વરસતી હતી. ધન્ય એવી આ નગરી! ધન્ય તે કાળ! ગુરુદેવ પરમપુરુષ હતા, મહા શક્તિશાળી હતા. ભરતક્ષેત્રમાં આ કાળે ગુરુદેવની વાણી સર્વોત્કૃષ્ટ અતિશયતાવાળી હતી; પંચમકાળમાં ભરતના જીવોના ચૈતન્યને જગાડનારી હતી. ૯.

*

ગુરુદેવના ચૈતન્યની શોભાની તો શી વાત! એમનાં પુણ્યની પણ શોભા કોઈ જુદી! એવા, બાહ્ય–અંતર પુણ્ય ને પવિત્રતાની મૂર્તિ હતાં. ભરતક્ષેત્રનાં ભાગ્ય કે ગુરુદેવ અહીં જન્મ્યા. ૧૦.

*

મહામુનિઓની પરિણતિનો મુનિયોગ્ય ઉગ્ર પ્રવાહ 'શુદ્ધાત્મતત્ત્વ' તરફ જ વહે છે, બીજી કોઈ પણ વાતમાં રસ જ આવતો નથી. બાહ્ય સાંસારિક કથાની તો વાત જ શી? નિર્વિકલ્પ તત્ત્વમાં પરિણતિ જો નિર્વિકલ્પપણે શાશ્વત જામી જાય તો બહાર નીકળે જ નહિ; પણ અપૂર્ણતા હોવાથી પરિણતિ ક્ષણમાં બહાર આવી જાય છે, તેથી તે પરિણતિને અનુરૂપ ચૈતન્યની ને શ્રુતની કથામાં રોકાય છે; પરંતુ ત્યાં પણ—તે શ્રુતવિકલ્પોમાં પણ—રસપૂર્વક જોડાતા નથી. ૧૧.

બાર અંગનું જ્ઞાન અને તદ્વિષયક લબ્ધિ હોવા છતાં પણ મુનિઓને બાર અંગના જ્ઞાનની અને લબ્ધિની કાંઈ અધિકતા લાગતી નથી. અંતરમાં અપૂર્ણ જ્ઞાન રુચતું જ નથી. એ તો ક્રમિક જ્ઞાન છે; ક્રમ પડે એવા જ્ઞાનનો મહિમા જ શો? ૧૨.

*

ભાઈ! બાહ્ય કથા અને શ્રુતના ચિંતવનમાં કથંચિત્ ભેદ બતાવવાની અપેક્ષાએ એમ કહેવાય કે 'બાહ્ય કથા નીરસ લાગે છે અને શ્રુતના ચિંતવનમાં રસ આવે છે;' પરંતુ પરિણતિ નિર્વિકલ્પ તત્ત્વમાં નિર્વિકલ્પપણે જામી જતાં જે આનંદરસ ઝરે છે તેની અપેક્ષાએ, તથા અંતરમાં નિર્વિકલ્પપણે સદાને માટે જામી જવાની ભાવના નિરંતર વર્તે છે તેની અપેક્ષાએ તત્ત્વ-અનુકૂળ વિચાર પણ નીરસ લાગે છે, તેથી એમ કહેવાય છે કે 'ચૈતન્યની કથામાં પણ રસ આવતો નથી.' ૧૩.

*

ચોથા ગુણસ્થાનથી જ સાધકોને નિર્વિકલ્પ તત્ત્વમાં નિર્વિકલ્પ-પણે સદાને માટે જામી જવાની ભાવના હોય છે. તેમને દ્રવ્યદૃષ્ટિને મુખ્ય રાખીને તત્ત્વસંબંધી—દ્રવ્યાનુયોગ, કરણાનુયોગ, ચરણાનુયોગ આદિના—અનેક વિચાર અંતરમાં આવે તો છે, પરંતુ તેઓ આકુળતારૂપ હોવાથી અંદરમાં ગોઠતા નથી, અને શુભભાવમિશ્રિત ક્ષાયોપશમિક અપૂર્ણ જ્ઞાનરૂપ હોવાથી તેમનામાં અધિકતા પણ લાગતી નથી. સહજતત્ત્વમાં સહજપણે જામી જવું છે, બધું કૃત્રિમ છે—એવી ભાવના ચોથા ગુણસ્થાનથી જ હોય છે. ૧૪.

*

અંદર શુદ્ધાત્મામાં જ બધું ભર્યું પડ્યું છે. તું પણ પ્રમાદ છોડી ત્યાં દૃષ્ટિ કર. એને માટે ઝાઝા જ્ઞાનની જરૂરત નથી, રુચિ પલટાવી દે. ૧૫.

*

અહો! એવા મંગળ મુહૂર્તે શ્રી સીમંધર ભગવાન પધાર્યા કે

એમની પાછળ ક્રમશઃ આખા સૌરાષ્ટ્રમાં જિનેન્દ્રવૃંદ ઊતરી પડ્યા; ગામે ગામ ભગવાન પધાર્યા. અહો! જગતમાં સર્વોત્કૃષ્ટ જિનેન્દ્રદેવ છે. આપણે ત્યાં ભગવાન પધાર્યા, દર્શન કરવાનું સૌભાગ્ય મળ્યું, તેની શી વાત! વિદેહના વિહરમાન ભગવાન—જાણે સાક્ષાત્ ભગવાન—આપણે આંગણે પધાર્યા! ૧૬.

*

શ્રી સીમંધર ભગવાનનો જ્યારે મંદિરના દ્વારમાં પ્રવેશ થયો ત્યારે ગુરુદેવે અતિશય ભક્તિભાવથી 'પધારો ભગવાન! પધારો'—એમ સ્વાગત કરીને સાષ્ટાંગ નમસ્કાર કર્યા હતા. પૂજ્ય ગુરુદેવે આશ્ચર્યમુગ્ધ થઈ ભગવાનનાં દર્શન કર્યા ત્યારે એમની આંખોમાંથી આનંદના આંસુ વહેવા લાગ્યાં હતાં. અહા! જગતમાં સર્વોત્કૃષ્ટ ભગવાન જ છે. ૧૭.

*

આ ભરતક્ષેત્રમાં દિવ્યધ્વનિની જેમ જ ગુરુદેવની ધ્વનિ ગાજતી હતી. તેના શ્રવણ જેવું બીજું સૌભાગ્ય કયું? ગુરુદેવે બધાને દ્રવ્ય-દૃષ્ટિનો અર્થાત્ શુદ્ધાત્મદ્રવ્ય તરફ ઝુકવાનો ઉપદેશ આપ્યો. તું પણ આ તરફ ઝૂકી જા; નિધાન તારી પાસે જ છે, ક્યાંય ગોતવા જવું પડે એમ નથી. ૧૮.

*

નિજ શુદ્ધ આત્માને ગ્રહણ કર. તેને ગ્રહણ કરવાથી શરૂઆતથી માંડીને પૂર્ણતા સુધીની અનેક જાતની નવીન શુદ્ધ પર્યાય પ્રગટ થાય, ને તે કરવા જેવું છે; તેમાં તને સુખ થશે—આનંદ થશે, તૃપ્તિ થશે. તેમાં જ સુખ માન—આનંદ માન, બસ! તેમાં જ તૃપ્તિ થઈ જશે; પછી ક્યાંય બહાર જવાનું મન નહિ થાય. ૧૯.

*

પાણી સ્વભાવે નિર્મળ હોવા છતાં પણ કાદવના સંયોગે મલિન દેખાય છે, તોપણ તેનો સ્વભાવ તો નિર્મળ જ છે. તેવી રીતે ચૈતન્યનો સ્વભાવ નિર્મળ અને જ્ઞાન તેમ જ આનંદથી પરિપૂર્ણ

છે; પરન્તુ જીવની દૃષ્ટિ બહારમાં હોવાથી તે, મલિનતા તેમ જ દુ:ખનો અનુભવ કરે છે. ૨૦.

*

જે ચૈતન્ય તરફ દૃષ્ટિ કરે, ચૈતન્યને ઓળખે, તેના ઊંડાણમાં જઈને તેનો સ્વભાવ સમજે તો તેમાંથી નિર્મળતા, શીતળતા અને આનંદ પ્રગટ થાય છે. ૨૧.

*

માત્ર વિચાર કર્યા કરવાથી નહિ, પરંતુ વિચાર કરી, તેનો પુરુષાર્થ કરીને અંદરમાં જે પરિણતિ પ્રગટ કરે તો તેમાંથી કોઈ અપૂર્વ દશાની પ્રાપ્તિ થાય છે. આ કરવા જેવું છે અને તે જ મુક્તિનો માર્ગ છે. ગુરુદેવે એ જ માર્ગ બતાવ્યો છે. ૨૨.

*

પુરુષાર્થ કરવાની કળ અંદર સૂઝી જાય તો માર્ગ મળ્યે જ છૂટકો. કળ એટલે પોતાનો જે સ્વભાવ છે તેને ઓળખીને અંતરમાં પોતે પોતાને ગ્રહણ કરવું તે. પોતે જ પોતાને પકડી શકે, બીજો કોણ પકડાવે? અનેક જાતની વિભાવપર્યાયો વચ્ચે રહેનારો આત્મા શાશ્વત છે, તેને સૂક્ષ્મ થઈને જો. ૨૩.

*

જેને આત્માની જિજ્ઞાસા જાગે, પિપાસા લાગે, બહારનું બધું દુ:ખમય લાગે તેને, જો તે અંતરમાં ખોજ કરે તો, આત્માનો મહિમા આવે. જેને સંસારમાં તન્મયતા છે તેને આત્માનો મહિમા આવતો નથી. ૨૪.

*

સ્વતઃસિદ્ધ પૂર્ણ દ્રવ્યસ્વભાવ ભલે દેખાતો નથી, પણ એમાં પૂર્ણતા છે તો જ પર્યાયમાં પૂર્ણ પ્રગટે છે. જેમાં છે તેમાંથી જ પ્રગટે છે. પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટ થાય તે પૂર્ણ સ્વભાવમાંથી જ થાય છે. પૂર્ણ હોય તો જ એમાંથી પૂર્ણતા આવે છે, માટે સ્વભાવ ઓળખીને પ્રતીતિ કરવી કે 'હું પૂર્ણ જ છું.' ૨૫.

પરમાત્મા પોતાની પાસે જ છે, પોતે જ છે. જ્ઞાન ને આનંદથી ભરેલો ચૈતન્યદેવ અખૂટ ભંડાર છે, રત્નોથી ભરેલો પર્વત છે, અનુપમ છે; તારે જે જોઈતું હશે તે બધું એમાંથી જ મળશે. જ્ઞાન પણ એમાંથી ને આનંદ પણ એમાંથી જ પ્રગટશે. તે જ્ઞાનાદિ બહાર આવશે તો તને પોતાને આશ્ચર્ય થશે—અહો, આવું જ્ઞાન! આવો આનંદ! ૨૬.

*

આત્મા કામધેનુ છે, કલ્પવૃક્ષ છે, એમાંથી જ્યારે જે જોઈએ તે મળી રહેશે. તું જે ઈચ્છશે તે અંદરમાંથી મળશે. સ્વભાવમાંથી મનોવાંછિત ફળ મળશે. એક ઉપયોગને અંદર મૂકતાં તો કેટલુંય ફાલી નીકળશે. ૨૭.

*

એક ચૈતન્ય પર દૃષ્ટિ મૂક તો એનાં ફળ એવાં પાંગરી જશે કે અંદરથી સહજ જ્ઞાન આવશે, આનંદ આવશે. એમાં ગોખવું કે ધારવું નહિ પડે, કોઈ પણ જાતની આકુળતા વગર નિરાકુળપણે આવ્યા જ કરશે. એનો એક અંશ પણ અનંતું લઈને આવશે, પૂર્ણતા થાય એની શી વાત? તને આશ્ચર્ય થશે કે એક અંશમાં આટલું તો પૂર્ણતામાં કેટલું? ૨૮.

*

અંદરથી દરિયો જે ઊછળે તે ઉછાળો જુદો જ હોય; તેમ ધારણાજ્ઞાનથી પાર ન આવે, બહારનો ક્ષયોપશમ ગમે તેટલો ભેગો કરે, પણ તે કામ ન આવે. માટે તું અંદરમાં ભેદજ્ઞાનનો સમ્યક્ પ્રયાસ કર. એક દ્રવ્યદૃષ્ટિનો દોર મુખ્ય રાખજે. એક દ્રવ્યને ગ્રહણ કર્યા પછી દ્રવ્ય તારી સાથે જ રહેવાનું છે, તું પોતે જ દ્રવ્ય છો. ૨૯.

*

નિરંતર શુદ્ધતાથી ભરેલો હું જ્ઞાયક છું, શુભાશુભ ભાવરૂપ હું નથી, જ્ઞાન ને આનંદાદિ અનંત ગુણોથી ભરેલો હું ભગવાન છું

—એવા વિકલ્પોને નહિ પણ જાણનારના મૂળ અસ્તિત્વને ગ્રહણ કર. દ્રવ્યને ગ્રહણ કર એમાં બધું આવી જશે. ૩૦.

❋

'અરે જીવો! તમે દેહમાં બિરાજમાન ભગવાન આત્મા છો કે જે અનંત ગુણોનો મહાસાગર છે, મન-વચન-કાયાથી જુદો છે અને વિભાવથી પણ પેલે પાર છે. તે પ્રત્યક્ષ અનુભવગોચર ભગવાનને તમે અનુભવો; તમને પરમાનંદ થશે'—આવી ગુરુદેવની અનુભવયુક્ત જોરદાર વાણી શ્રોતાઓને આશ્ચર્યચકિત કરતી. ઘણી પ્રબળ વાણી. ૩૧.

❋

હજુ ચોથા ગુણસ્થાનમાં હોય, છતાં જ્ઞાનીને એવા નિઃસ્પૃહ પરિણામ વર્તતા હોય છે કે દૃષ્ટિ-અપેક્ષાએ હું મનથી, વચનથી કે કાયાથી રાગનો કર્તા, કારયિતા કે અનુમંતા નથી—એમ નવ નવ કોટિએ મેં વિભાવને તિલાંજલિ આપી છે. મારી દૃષ્ટિ પરપદાર્થથી વિરામ પામી ગઈ છે. ભલે હજી અસ્થિરતા ઊભી છે, નવ નવ કોટિએ ત્યાગ તો ચારિત્ર પ્રગટે ત્યારે થાય છે, પણ આ તો દૃષ્ટિ-અપેક્ષાએ અંતરના જોરની વાત છે. ૩૨.

❋

અનેક જાતના પુણ્યના ઠાઠ, પાપનાં સ્થાનો, સમાધિસુખને પામેલા કેવળજ્ઞાનીઓ, કૃતકૃત્ય સિદ્ધભગવંતો આદિ બધું જ્ઞાનમાં જણાય પણ મને કોઈનું આશ્ચર્ય નથી, જે જે ભાવ જાણવામાં આવે તેનો હું જ્ઞાતા જ છું, જ્ઞાયકસ્વભાવને ઊર્ધ્વ રાખીને જ્ઞેયોને જાણું છું, જ્ઞાયકના અસ્તિત્વને ગ્રહણ કરીને, જ્ઞાયકના જ્ઞાયકરૂપ પરિણમનને હાજર રાખીને, માત્ર જાણું છું. 'આ જ્ઞાયકરૂપે રહેલો તે જ હું છું.' ૩૩.

❋

જ્ઞાનીને ગમે તે પ્રસંગમાં જ્ઞાયકતા છૂટતી નથી; પુણ્ય-પાપના

ભાવમાં તે જ્ઞાયક જ છે. ગમે તેવા ઊંચા શુભ ભાવો હોય, પંચ-પરમેષ્ઠીની પૂજા-ભક્તિના ભાવોમાં ઘણો રસ દેખાતો હોય કે ગુણભેદના વિચાર કરતો હોય, તોપણ તે જ્ઞાયક તો જ્ઞાયક જ છે, ક્યાંય એકત્વબુદ્ધિ નથી. ૩૪.

*

જ્ઞાનીને નિર્વિકલ્પદશામાં તો કોઈ જુદો જ અદ્ભુત આનંદ હોય છે, પરંતુ સવિકલ્પદશામાં આવતાં પણ જ્ઞાયકતાની શાંતિનું વેદન કોઈ જુદું જ હોય છે. જે વખતે વિભાવ થાય છે તે જ વખતે—તે જ ક્ષણે—જ્ઞાયકપણાને પ્રસિદ્ધ કરતો તે જ્ઞાતાપરિણતિએ પરિણમે છે. ૩૫.

*

જ્ઞાયક જ્ઞાયકરૂપે રહી, વિભાવથી જુદો પડી, જે સ્વાભાવિક અનાકુળતા પ્રગટે તેનું નામ શાંતિ. જ્ઞાતાપણે પરિણમવાથી જે ભેદજ્ઞાનની ધારા ચાલે તેની સાથે પરિણમતી શીતળતા—શાંતિ તે જ સાચી શાંતિ છે. ધન્ય તે જ્ઞાનીની અનિચ્છક શાંત દશા ! ૩૬.

*

આવા વિષમ કાળમાં આવા મહાપુરુષનો યોગ મળવો અતિ અતિ દુર્લભ છે. એમનાં દર્શન ને વાણી કેટલાં દુર્લભ છે તે અત્યારે સૌ ભક્તોને વેદનપૂર્વક સ્પષ્ટ સમજાય છે. પુણ્યના થોક ઊછળ્યા વિના આવા મહાપુરુષનો યોગ આ કાળે ક્યાંથી હોય ? ભારતનાં મહાભાગ્ય હતાં કે ગુરુદેવનો અહીં જન્મ થયો, આટલાં વર્ષો સુધી બધાને અપૂર્વ લાભ મળ્યો. ૩૭.

*

તારું ઉપાદાન તૈયાર કરવું તે તારા હાથની વાત છે, તેમાં તને કોઈ રોકનાર નથી. શાસ્ત્રમાં આવે છે ને—વિભાવમાં જોડાવામાં પણ તું સ્વતંત્ર છે અને સ્વભાવનાં કાર્યો કરવામાં પણ તું સ્વતંત્ર છે.

પર્યાયદૃષ્ટિ તું સ્વતંત્રપણે કરે છે અને દ્રવ્યદૃષ્ટિ કરવામાં પણ તું સ્વતંત્ર છે. ૩૮.

*

આ જે બાહ્યલોક છે, વિભાવનો લોક છે, તેમાં તો બધી ધમાલ, ધમાલ ને ધમાલ જ જોવા મળે છે, ક્યાંય શાંતિ નથી. અંતરનો લોક—ચૈતન્યલોક—અદ્‌ભુત છે, તેમાં બધું સરસ જોવાનું છે, ત્યાં સર્વત્ર શાંતિ છે. ૩૯.

*

ગુરુદેવ કહેતા હતા : ભાઈ! તું પાછો વળ, પાછો વળ, તારા ઘરમાં જા, તારા ઘરમાં જા, તારા ઘરમાં જ બધી રિદ્ધિસિદ્ધિ ભરેલી છે. બહારમાં ક્યાં ગોતે છે? જ્યાં અનંતા ગુણોથી ભરપૂર ચૈતન્યપ્રભુનો દરબાર છે ત્યાં—તારા ઘરમાં—જા ને. તે ગુણમૂર્તિ ચૈતન્યપ્રભુને જે ઓળખે તે ધન્ય છે. ૪૦.

*

જ્ઞાયક આખો અદ્‌ભુત મહિમાથી ભરેલો છે. તેનામાં અદ્‌ભુતતા ભરેલી છે. માટે બીજી બધી અદ્‌ભુતતા છોડીને એક જ્ઞાયકની અદ્‌ભુતતા ગ્રહણ કર. તે જ જીવનની સફળતા છે અને તે જ કરવા જેવું છે. બાકી બધું તેની આગળ તુચ્છ છે. વિશેષતા ચૈતન્યદ્રવ્યની જ છે. ૪૧.

*

આત્મકલ્યાણ કરી લેવાની ભાવનાવાળો આત્માર્થી જીવ દૃઢ તત્ત્વનિર્ણયપૂર્વક સ્વ-પરના ભેદનો અથવા જ્ઞાતાના ગ્રહણનો અભ્યાસ કરીને, તે અભ્યાસની ઉગ્રતા વડે, વિકલ્પ તૂટતાં, આનંદઝરતી નિર્વિકલ્પ સ્વાનુભૂતિને અવશ્ય પ્રાપ્ત કરી લે છે. ૪૨.

*

આત્માર્થી જીવને વિભાવમાં બિલકુલ શાંતિ લાગતી નથી, શાંતિ એક માત્ર આત્મામાં જ ભાસે છે—એક માત્ર આત્મામાં જ તેને

સર્વસ્વ લાગે છે. જો આત્મામાં જ શાંતિ લાગે, સર્વસ્વ લાગે, તો જ તેનો ઉગ્ર પ્રયત્ન થાય. ૪૩.

❀

અનાદિથી અપરિચિત એવા તે એક જ્ઞાયકભાવને પણ મારાથી કઈ રીતે પહોંચી શકાશે? એવા ઢીલા વિચાર ન કર. ભલે અનાદિથી અપરિચિત હોય, પણ તે એક જ્ઞાયકભાવ છે તો તારો પોતાનો સ્વભાવ ને? માટે તે સરળ છે, સુગમ છે. અનંત કાળથી તેનું લક્ષ કર્યું નથી તેથી દુષ્કર લાગે છે, દુષ્કર છે નહિ. ૪૪.

❀

નિવૃત્તસ્વરૂપ આત્માની ઓળખાણ કરવામાં જ શાંતિ છે, બાકી બધું ધમાલ.... ધમાલ.... ધમાલ છે. ૪૫.

❀

આત્મામાં જ્ઞાન, આનંદ આદિ અનંતા ગુણો ભરેલા છે. તે જગતથી જુદું, અનુપમ ને આશ્ચર્યકારી તત્ત્વ છે. એને ઓળખીને સ્વાનુભૂતિ કરવી તે જ મુક્તિનો મારગ છે. ક્ષણિક પર્યાયો છે તેમાં પણ અટકવા જેવું નથી. અનાદિ-અનંત શાશ્વત ચૈતન્યદ્રવ્ય કે જે પારિણામિકભાવસ્વરૂપ છે તેને ઓળખીને, તેના ઉપર દૃષ્ટિ દઈને અને બીજા બધા ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને, અંતરદૃષ્ટિ પ્રગટ કરવી આત્માની. ૪૬.

❀

હવે તો મારે બીજું કાંઈ જોઈતું નથી, એક આત્મા જ જોઈએ છે. અનંત કાળથી જ્ઞેયોમાં એકત્વબુદ્ધિપૂર્વક તેમને ગ્રહવાની જે ભૂલ કરતો હતો તે હવે મેં છોડી દીધી છે. ૪૭.

❀

વિભાવને હું કરું છું—એવી કર્તાબુદ્ધિ અનાદિની છે. કર્તાબુદ્ધિ તોડીને જ્ઞાતાબુદ્ધિ કર્યા પછી પણ અસ્થિરતા રહે છે. પરંતુ સ્વભાવની ધારા જેમ ઉગ્ર થતી જાય છે તેમ વિભાવ પણ અલ્પ અલ્પ થતો

જાય છે. સ્વભાવની ધારા પ્રગટ કર. વીતરાગ દશા પ્રાપ્ત કર, તો સ્વભાવની ધારામાં વિભાવ બધો ક્ષય થઈને કેવળજ્ઞાન થશે. મુનિ તો વારંવાર ચેતન...ચેતન...ચેતનદેવનાં દર્શન કરે છે ને વારંવાર સ્વાનુભૂતિનો સ્વાદ લે છે. ૪૮.

*

હે જિનેન્દ્રદેવ! આપના પ્રતાપથી જ મારા અંતરમાં જ્ઞાયકદેવ પધાર્યા છે. સાથે સાથે સાધકનું પરિણમન 'જ્ઞાયકદેવ' પ્રત્યે પણ નિરંતર ઢળેલું હોય છે જે જાણે કે એમ કહી રહ્યું છે કે—'પધારો, જ્ઞાયકદેવ! પધારો; મારા અંતરના મહેલમાં બિરાજો. અનંત શક્તિઓથી પરિપૂર્ણ હે જ્ઞાયકદેવ! આપનો હું કયા પ્રકારે આદર કરું? આપને હું કઈ રીતથી વંદન કરું? આપનું હું કઈ વિધિથી પૂજન કરું?' ૪૯.

*

આ જે અદ્‌ભુત ચૈતન્યદેવ છે તે કાંઈ ખાલી નથી; તે તો અનંત ગુણરત્નોથી ભરપૂર ચમકતું તત્ત્વ છે. બાહ્ય દૃષ્ટિવાળાઓએ તો આ સાંભળ્યું પણ નથી; બહારના ક્રિયાકાંડ ભલે કરે પણ એ તો ફોતરાં ખાંડવા જેવું છે. કસ તો અંદરમાં છે. બહારના પ્રયત્નથી શું વળે? અનંત ગુણરત્નોથી તું ઠસોઠસ ભરેલો છે, તે ગુણરત્નોથી ચમકતા પદાર્થ પર દૃષ્ટિ દે તો તે પાવન પુરાણ પુરુષ પ્રગટ થશે. ૫૦.

*

પૂજ્ય ગુરુદેવે બધાંને દ્રવ્યની જે સ્વતંત્રતા બતાવી છે તે તો કોઈ અલૌકિક છે. ગુરુદેવે દરેક દ્રવ્યની સ્વતંત્રતા દૃષ્ટાંતો આપી આપીને સમજાવી છે. દ્રવ્ય–ગુણ–પર્યાય બધું સ્વતંત્ર છે. સૌ દ્રવ્ય સ્વતંત્ર છે—ચૈતન્યનું ચૈતન્યમાં ને જડનું જડમાં. ૫૧.

*

પોતાના ચૈતન્ય–અસ્તિત્વને ગ્રહણ કરવું, તેમાં જ વાસ કરવાનો પ્રયત્ન કરવો; તે જ કરવા જેવું છે. આ પર તરફના વાસમાં તને

જે સુખ લાગે છે તે સુખબુદ્ધિ તોડીને ચૈતન્યમાં વાસ કરવો, અંદર તળિયે જઈને સુખનિધાન એવા પોતાના આત્માને ઓળખવો. ૫૨.

*

જ્ઞાયકને ઓળખવો, તેની મહિમા કરવી, તેનો અભ્યાસ કરવો અને તેમાં લીનતા કરવી. તે કરવાથી ચૈતન્ય પ્રગટ થયા પછી—ચૈતન્યની અદ્ભુત દશા પછી—ભેદજ્ઞાનની ધારા સહજ વર્તે છે. તેને ગમે તે કાર્યમાં—વિકલ્પમાં આવ્યો હોય તોપણ—જ્ઞાતાધારા છૂટતી નથી. ૫૩.

*

આત્માને—એકત્વવિભક્ત શુદ્ધાત્માને—ગ્રહણ કરવાનો અભ્યાસ કરવો. દરેક કાર્યમાં શુદ્ધાત્મા જે રીતે ગ્રહાય તે રીતનો ઉદ્યમ રાખવો. છ દ્રવ્યમાં એક શુદ્ધાત્મા, નવ તત્ત્વમાં પણ એક શુદ્ધાત્મા ગ્રહવાયોગ્ય છે. ૫૪.

*

શાસ્ત્રોમાં ભરેલા ગહન ભાવો ખોલવાની ગુરુદેવમાં અજબ શક્તિ હતી. તેમને શ્રુતની લબ્ધિ હતી. વ્યાખ્યાનમાં નીકળતા ગંભીર ભાવો સાંભળતાં ઘણી વાર એમ થતું કે 'આ તે શું શ્રુતસાગર ઊછળ્યો છે? આવા ગંભીર ભાવો ક્યાંથી નીકળે છે!' ગુરુદેવના જેવી વાણી ક્યાંય સાંભળી નથી. તેમની અમૃતવાણીના રણકાર કેટલા મીઠા હતા?—જાણે કે સાંભળ્યા જ કરીએ. ૫૫.

*

અનુભવરસથી રસબસતી ગુરુદેવની જોરદાર વાણીના પડકાર કોઈ જુદા જ હતા;—પાત્ર જીવોના પુરુષાર્થને ઉપાડે અને મિથ્યાત્વના ભૂકા ઉડાડી દે એવી દૈવી વાણી હતી. આપણાં ભાગ્ય કે ગુરુદેવની એ મંગળમય કલ્યાણકારી વાણી ટેઈપમાં ઊતરીને જીવંત રહી. ૫૬.

# સહજ પરિણતિ

જ્ઞાનીની પરિણતિ સહજ હોય છે. પ્રસંગે પ્રસંગે ભેદજ્ઞાનને યાદ કરીને તેમને ગોખવું નથી પડતું, પણ તેમને તો એવું સહજ પરિણમન જ થઈ ગયું હોય છે—આત્મામાં એકધારું પરિણમન વર્ત્યા જ કરે છે. ૩.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

'જ્ઞાનીની પરિણતિ સહજ હોય છે.'

—એટલે? રાગથી ભિન્ન પડીને અંદર ચૈતન્યનું જ્ઞાન થયું, ભેદજ્ઞાન થયું, એને હવે ફરીને નવું ભેદજ્ઞાન કરવું રહેતું નથી; જ્ઞાનની પરિણતિ—રાગથી ભિન્ન ધારા—સહજ વર્તે છે. અહા! ધર્મીની દશા! જ્ઞાનીની પરિણતિ! પરિણતિ એટલે એની પર્યાય. વસ્તુના સ્વરૂપને વળગીને દશા થઈ છે, રાગથી છૂટીને, તેથી સમકિતીની પરિણતિ-પર્યાય સહજ હોય છે. એને રાગથી જુદો પાડવો પડતો નથી, સહજ પડી ગયો છે; પ્રયત્ન સ્વભાવ-સન્મુખ થયા જ કરે છે.

'પ્રસંગે પ્રસંગે ભેદજ્ઞાનને યાદ કરીને તેમને ગોખવું નથી પડતું, પણ તેમને તો એવું સહજ પરિણમન જ થઈ ગયું હોય છે—આત્મામાં એકધારું પરિણમન વર્ત્યા જ કરે છે.'

પ્રયત્નનું જોર—પુરુષાર્થનું જોર—સ્વભાવસન્મુખ રહ્યા જ કરે છે. ઘડીએ ઘડીએ યાદ કરીને તેમને ગોખવું નથી પડતું કે આ રાગ તે હું નહિ, આ વિભાવ તે હું નહિ. રાગ અને ભગવાન આત્મા બંને ભિન્ન પડ્યા તે જુદા જ રહે; વીજળી પડીને પર્વતના બે ટુકડા થયા તે રેણ દીધે એક ન થાય. જ્ઞાનીને એવું સહજ થઈ ગયું હોય છે—એવી સ્વાભાવિક દશા જ હોય છે.

જ્ઞાનીને જાણવું ને આનંદની દશા, અસ્થિરતાનો રાગ હોવા છતાં, વર્ત્યા જ કરે છે; એને ભેદ કરવો પડતો નથી. સ્વભાવ-સન્મુખ થયો છે અને રાગથી વિમુખ થયો છે તેને આ બાજુનો—સ્વભાવ તરફનો—પ્રયત્ન ચાલુ જ છે, કરવો પડતો નથી; ભેદજ્ઞાનને યાદ કરીને ગોખવું પડતું નથી. એને અહીં વાસ્તવિક ભેદજ્ઞાન કહેવામાં આવે છે.

—o—

# 卐 જીવનમાં કરવા જેવું 卐

અહો! આ અશરણ સંસારમાં જન્મની સાથે મરણ જોડાયેલું જ છે. આત્માની સિદ્ધિ ન સધાય ત્યાં સુધી જન્મ-મરણનું ચક્ર ચાલ્યા જ કરવાનું. આવા અશરણ સંસારમાં દેવ-ગુરુ-ધર્મનું જ શરણ છે. પૂજ્ય ગુરુદેવે બતાવેલા ચૈતન્યશરણને લક્ષગત કરીને તેના દૃઢ સંસ્કાર આત્મામાં પડી જાય—એ જ જીવનમાં કરવા જેવું છે. ૫.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી ]

'અહો! આ અશરણ સંસારમાં જન્મની સાથે મરણ જોડાયેલું જ છે.'

આ આત્મા પોતે પ્રભુ—શુદ્ધ ચૈતન્યવસ્તુ—હોવા છતાં તેને અનાદિથી પર્યાયમાં સંસારની અસ્તિ છે, સંસાર નથી એમ નથી. આ અશરણ સંસારમાં સંયોગ થયો તેનો વિયોગ થાય; જન્મ—દેહનો સંયોગ—થયો તેને મરણ—દેહનો વિયોગ—થશે જ. ખરેખર આત્મા કાંઈ જન્મતો નથી, પણ અજ્ઞાનને લીધે અનાદિથી પર્યાયમાં જન્મ ને મરણની કતાર લાગી છે. અનાદિ ભૂતકાળમાં કોઈ એક સમય પણ ભવ વિનાનો ગયો નથી. જેમ કન્યા પહેલાં પિયરમાં રહે છે તેમ, શાસ્ત્રમાં કહ્યું છે કે જીવ અનંત કાળ નિગોદમાં રહ્યો છે.

'આત્માની સિદ્ધિ ન સધાય ત્યાં સુધી જન્મ-મરણનું ચક્ર ચાલ્યા જ કરવાનું.'

અહો! આ અશરણ સંસારમાં જન્મ ને મરણનું ચક્ર અનાદિ કાળથી ચાલ્યા જ કરે છે;—જ્યાં સુધી આત્માની સિદ્ધિ નહિ કરે ત્યાં સુધી. અહા! આત્મા પોતે તો જન્મ-મરણ ને જન્મ-મરણના ભાવ વિનાની ચીજ છે. તેનું શરણ નહિ લે તો આત્માની સિદ્ધિ સધાશે નહિ. ભગવાન નિજ આત્માની સિદ્ધિ સાધશે નહિ ત્યાં સુધી આ અશરણ સંસારમાં જન્મ-મરણનું ચક્ર ચાલ્યા જ કરવાનું. એક શ્વાસપ્રમાણ કાળમાં નિગોદના અઢાર ભવ! તેને, તેને યોગ્ય મંદ-તીવ્ર ભાવ હોય છે છતાં તે બધા છે ભવ-ભાવ. અશુભથી ટેવાઈ ગયો, શુભમાં આવ્યો-તેમાં પણ ટેવાઈ ગયો, પણ છે એ બધો સંસાર. શુભ-અશુભ તથા તેના ફળ તરીકે ભવ—એનું ચક્ર ચાલ્યા જ કરે છે.

'આવા અશરણ સંસારમાં દેવ-ગુરુ-ધર્મનું જ શરણ છે.'

સાચા દેવ-ગુરુ-ધર્મ તેનું વ્યવહારે શરણ છે; પહેલાં તેવું નિમિત્ત મળે છે માટે

તે વ્યવહારે શરણ છે. પછી, એને નામ દઈને પોતાના વિનયથી કહ્યું છે કે—

'પૂજ્ય ગુરુદેવે બતાવેલા ચૈતન્યશરણને લક્ષગત કરીને તેના દઢ સંસ્કાર આત્મામાં પડી જાય—એ જ જીવનમાં કરવા જેવું છે.'

અહા! અંદર ચૈતન્યપ્રકાશનો પુંજ છે પ્રભુ, તેનું લક્ષ કરીને—પર્યાય ને રાગની એકત્વબુદ્ધિ છે તે છોડી દઈને—ચૈતન્યસ્વરૂપમાં અંદર આવ. હું ચૈતન્ય જ્ઞાયક... ચૈતન્ય જ્ઞાયક, પર્યાય નહિ ને રાગ નહિ—એમ ચૈતન્યને લક્ષમાં લઈને, વર્તમાન ધ્યાનપર્યાયમાં ચૈતન્યને ધ્યેય બનાવીને, તેના દઢ સંસ્કાર આત્મામાં પડી જાય—વારંવાર અંદર જાય ને ચૈતન્યના સંસ્કાર દઢ થાય એ જ જીવનમાં કરવા જેવું છે. શું વ્યવહાર કરવા જેવો છે? પહેલાં બતાવ્યું કે દેવ-ગુરુ-ધર્મનું શરણ નિમિત્તભૂત છે; પરંતુ પછી બતાવે છે ચૈતન્યશરણને. દેવ-ગુરુ-ધર્મ બતાવે છે ચૈતન્યને; માર્ગ બતાવે છે કે ચૈતન્યનું લક્ષ કર. પૂર્ણસ્વરૂપ ભગવાન આત્માને દૃષ્ટિગત—લક્ષગત—કરીને તેના દઢ સંસ્કાર આત્મામાં પાડ. અનાદિથી રાગ ને પર્યાયના દઢ સંસ્કાર પડયા છે, ત્યાંથી દૃષ્ટિ ફેરવીને ચૈતન્યમય નિજ પ્રભુના પાકા સંસ્કાર પાડ; જેથી તને આત્મા ભવિષ્યમાં પ્રાપ્ત થઈ જશે જ. ચૈતન્યવસ્તુ ભગવાન આત્માને લક્ષગત કરીને—તેની સાથે દોર બાંધીને—તેના અંદર સંસ્કાર પાડવા, એ જ જીવનમાં કરવા જેવું છે.

લોકોને આ વાત નિશ્ચયની લાગે; પણ ભાઈ! પૂજા કરવી, મંદિર કરવાં, ગજરથ કાઢવા, શિક્ષણશિબિર કરવા—આ બધા વિકલ્પ વચ્ચે ભલે હો પણ ચૈતન્યને લક્ષગત કરી તેના ખૂબ પાકા સંસ્કાર પડી જાય—નિજ શુદ્ધ આત્માની અનુભવમાં પ્રાપ્તિ થાય—એ જ આ દુર્લભ મનુષ્યભવમાં કરવા જેવું છે. કોઈને આ વાત ન બેસે તો શું કરીએ? અરેરે! મૂળ વસ્તુ દૂર રહી જાય છે; જેને જોવું-જાણવું જોઈએ તે જ રહી જાય છે. અંદર જાણનારને જાણવો જોઈએ; એ જાણવું રહીં જાય છે ત્યાં સુધી જીવ બહારમાંથી પાછો ખસે નહિ.

આત્મા જાણનારો...જાણનારો...જાણનારો જાણવાલાયક વસ્તુ છે. તેને અંદર અનુભવથી જાણવો એ જ જીવનનું કર્તવ્ય છે. એમાં રસ ન આવે ત્યાં સુધી જીવ બહારના રસથી છૂટે નહિ. 'રુચિ અનુયાયી વીર્ય.' જ્યાં રુચિ હોય ત્યાં અનંત અનંત કાળ એમ ને એમ ગાળ્યો છે. ત્યાં કોઈ શરણ થયું નથી. અંદર જે શરણ છે તેને લક્ષગત કર્યું નથી, ને જે શરણ નથી તેને લક્ષગત કરીને પરિભ્રમણ—જન્મ-મરણનાં ચક્ર—ઊભાં કર્યાં છે. જુઓને! નાની નાની ઉંમરમાં દેહ છૂટી જાય છે. આયુષ્યનો શો ભરોસો? માટે જીવનમાં શીઘ્ર આત્મહિત કરી લેવા જેવું છે.

—૦—

# 卐 સહજ દૃષ્ટિ 卐

દ્રવ્યદૃષ્ટિ પ્રગટી તેને હવે ચૈતન્યના તળ ઉપર જ દૃષ્ટિ છે. તેમાં પરિણતિ એકમેક થઈ ગઈ છે. ચૈતન્યતળિયામાં જ સહજ દૃષ્ટિ છે. સ્વાનુભૂતિના કાળે કે બહાર ઉપયોગ હોય ત્યારે પણ તળ ઉપરથી દૃષ્ટિ છૂટતી નથી. દૃષ્ટિ બહાર જતી જ નથી. જ્ઞાની ચૈતન્યના પાતાળમાં પહોંચી ગયા છે; ઊંડી ઊંડી ગુફામાં, ઊંડે ઊંડે પહોંચી ગયા છે; સાધનાની સહજ દશા સાધેલી છે. ૧૨.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

'દ્રવ્યદૃષ્ટિ પ્રગટી તેને હવે ચૈતન્યના તળ ઉપર જ દૃષ્ટિ છે.'

શું કહ્યું? આત્મા વસ્તુ છે તેવી દૃષ્ટિ તે સમ્યગ્દર્શન. દ્રવ્યદૃષ્ટિ થઈ એટલે પર્યાયદૃષ્ટિ નાશ થઈ. દ્રવ્ય તો ત્રિકાળી ધ્રુવ છે; તે તો પર્યાયથી આગળ—પાતાળમાં—ધ્રુવ પડ્યું છે. આખા આત્મા ઉપર પર્યાય છે. પણ તે પર્યાયની અંદરમાં—પાતાળમાં—ધ્રુવ છે. પર્યાયનું તળિયું ધ્રુવ છે. પર્યાય ઉપરટપકે છે. અહા! આવી ભાષાય ન મળે ક્યાંય! આત્મામાં બે પડખાં છે: એક ધ્રુવપણું ને એક પર્યાય—પલટવાપણું. અરે! પર્યાયનું તળિયું તો ધ્રુવ છે; એ તળમાં પહોંચ્યા વિના દ્રવ્યની દૃષ્ટિ થઈ શકશે નહિ. એ દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થઈ તેને હવે આત્માના તળ ઉપર જ દૃષ્ટિ છે. જોયું! એટલે શું? ધ્રુવ ઉપર જ દૃષ્ટિ થઈ છે.

અહા! જગતનાં ભાગ્ય કે આવી ભાષા બહાર આવી. ભાષા જુઓ! એકદમ ટૂંકી, સાદી અને ગુજરાતી.

દ્રવ્યદૃષ્ટિ પ્રગટી—દ્રવ્યની, પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાનસ્વરૂપ ધ્રુવ વસ્તુ છે તેની, દૃષ્ટિ પ્રગટી—તેને ચૈતન્યના તળ ઉપર જ દૃષ્ટિ છે. પર્યાય ઉપર-ઉપર છે, તે ધ્રુવ તળિયામાં પ્રવેશી શકતી નથી; તેલનાં ટીપાં પાણીના દળમાં પ્રવેશતાં નથી, ઉપર-ઉપર જ રહે છે તેમ. દૃષ્ટિ પોતે પર્યાય છે, તેનો વિષય ધ્રુવ તળ છે.

'તેમાં પરિણતિ એકમેક થઈ ગઈ છે.'

દૃષ્ટિ તળ ઉપર છે તેથી દૃષ્ટિરૂપ પર્યાય—પરિણતિ તળ સાથે એકમેક—અભેદ થઈ ગઈ છે એમ કહેવાય. ખરેખર પર્યાય એકમેક એટલે કે દ્રવ્ય નથી થઈ જતી; પણ દૃષ્ટિ પહેલાં ધ્રુવ તળ ઉપર નહોતી તે હવે ધ્રુવ તળ ઉપર એકાગ્ર છે તેથી તેને તળમાં એકમેક થઈ ગયેલી કહેવાય છે.

—૦—

## 卐 વારંવાર અભ્યાસ કર 卐

દૃષ્ટિ દ્રવ્ય ઉપર રાખવાની છે. વિકલ્પો આવે પણ દૃષ્ટિ એક દ્રવ્ય ઉપર છે. જેમ પતંગ આકાશમાં ઊડે પણ દોર હાથમાં હોય છે, તેમ 'ચૈતન્ય છું' એ દોર હાથમાં રાખવો. વિકલ્પો આવે, પણ ચૈતન્યતત્ત્વ તે હું છું—એવો વારંવાર અભ્યાસ કરવાથી દૃઢતા થાય. ૧૮.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

'દૃષ્ટિ દ્રવ્ય ઉપર રાખવાની છે.'

દ્રવ્ય એટલે કાયમ રહેનારી જ્ઞાયક ચીજ. દ્રવ્ય ઉપર દૃષ્ટિ રાખવાથી, ધ્યેય ત્યાં છે, ધ્રુવ ત્યાં છે, સામાન્યપણું ત્યાં છે. ધ્રુવનું ધામ તેટલું છે, તે તારું ધામ છે, તે તારું મહાન ક્ષેત્ર છે—એમ તેનો મહિમા જાણીને તેની પ્રતીતિ થશે. વાત તો બહુ થોડી છે, થોડા શબ્દોમાં, પણ ભાવ ઘણા ઊંડા છે. આમાં વાદવિવાદનો પ્રસંગ ક્યાં છે? વિવાદ આડે જીવને નિજ દ્રવ્યસ્વભાવનો મહિમા નજરમાં આવતો નથી. આ તો આત્માનો રસ લાગે એવી વાતો છે બાપુ! પરના રસમાં રંગાઈ ગયો તેને નિજ વીતરાગસ્વભાવનો રસ નહિ આવે, અને જેને વીતરાગસ્વભાવનો રસ ને રંગ લાગ્યો તેને રાગનો રસ—રંગ નહિ લાગે.

'વિકલ્પો આવે પણ દૃષ્ટિ એક દ્રવ્ય ઉપર છે.'

ભૂમિકા પ્રમાણે રાગ આવે પણ દૃષ્ટિ દ્રવ્ય ઉપર—સુખસિંધુ એવી જ્ઞાયકવસ્તુ ઉપર—રાખવાની છે. વિકલ્પો આવે પણ દૃષ્ટિ—શ્રદ્ધાનું જોર—એક નિજ જ્ઞાયકદ્રવ્ય ઉપર જ છે. ધ્યેય દ્રવ્યસામાન્યરૂપ-ધ્રુવસ્વરૂપ વસ્તુ છે, તેના ઉપરથી લક્ષ ખસતું નથી. ગમે તે પ્રસંગોમાં ભૂમિકા પ્રમાણે શુભ-અશુભ વિકલ્પો આવે; રાગ છે ને તેથી આવે એમ લીધું. વિકલ્પો આવે છતાં સાધકની દૃષ્ટિ એક દ્રવ્ય ઉપર જ છે.

[ અનુસંધાન માટે જુઓ પાનું ૨૫ ]

# 卐 જ્ઞાયકનો મહિમા 卐

ઉપલક ઉપલક વાંચન-વિચાર આદિથી કાંઈ ન થાય, અંદર આંતરડીમાંથી ભાવના ઊઠે તો માર્ગ સરળ થાય. જ્ઞાયકનો અંતઃસ્થળમાંથી ખૂબ મહિમા આવવો જોઈએ. ૨૩.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

**'ઉપલક ઉપલક વાંચન-વિચાર આદિથી કાંઈ ન થાય, અંદર આંતરડીમાંથી ભાવના ઊઠે તો માર્ગ સરળ થાય.'**

એ શું કહે છે? દૃષ્ટિમાં દ્રવ્ય ઉપર જોર ન મળે અને ઉપર ઉપરથી આમ વાંચન કરું ને આમ વિચાર કરું વગેરે કર્યા કરે, તેનાથી કાંઈ આત્માનો લાભ ન થાય. અહા! વસ્તુ આખી પરમાત્મસ્વરૂપ જ છે; પર્યાયમાં વ્યક્તરૂપે થાય એવો કારણપરમાત્મા પોતે જ છે. અંદર એના લક્ષ સહિત વાંચન-વિચાર હોય તો કાર્ય આવવાનો અવકાશ છે. પરંતુ અંદર સ્વભાવના લક્ષ વિના ઉપલક ઉપલક વાંચન-વિચાર આદિથી કાંઈ ન થાય.

અંદર આંતરડીમાંથી ભાવના ઊઠે તો માર્ગ સરળ થાય. અંતરના ભાવમાંથી—ઊંડાણમાંથી ભાવના ઊઠે તો માર્ગ સરળ થાય. આત્મા અંદર શુદ્ધચૈતન્ય છે. એની, અંદરની રુચિથી ભાવના ઊઠે અને વસ્તુના લક્ષ સહિત વાંચન-વિચાર કરે તો માર્ગ મળે. શ્રી મોક્ષમાર્ગપ્રકાશકમાં આવે છે કે વાંચન સાચું હોય છતાં જે માન ને પૂજા માટે વાંચે છે તેનું જ્ઞાન ખોટું છે. તેનો હેતુ જગતને રાજી રાખવાનો ને પોતાની વિશેષતા—મોટપ—બતાવવાનો હોય તો તેનું બધું વાંચવું-વિચારવું અજ્ઞાન છે.

અંદર આંતરડીમાંથી ભાવના ઊઠે....; આંતરડી એટલે અંદરની દશા. એમાંથી ભાવના જાગે તો માર્ગ સરળ થાય.

**'જ્ઞાયકનો અંતઃસ્થળમાંથી ખૂબ મહિમા આવવો જોઈએ.'**

અહા! જ્ઞાયક એટલે વસ્તુ, એકલો જ્ઞાન જ્ઞાન ને જ્ઞાનનો પિંડ. તે ધ્રુવ, સત્, ત્રિકાળ એકરૂપ વસ્તુ છે; એનું અંતઃસ્થળ—અંદરનું સ્થાન—એક જ્ઞાયકભાવ છે. તેનો ખૂબ મહિમા આવવો જોઈએ; ત્યારે તેને આત્મા પ્રાપ્ત થાય. અગિયાર અંગ ને નવ પૂર્વનું જ્ઞાન હોય તોપણ અંદરમાંથી તેનો મહિમા ઊડી જવો જોઈએ, અને પૂર્ણાનંદનો નાથ, પૂર્ણ વસ્તુ 'અસ્તિ' છે, તેનો અંદરમાં ખૂબ મહિમા—મોટપ, વિશેષતા, સર્વોત્કૃષ્ટતા આવવી જોઈએ. આ જ્ઞાયકવસ્તુ અસ્તિપણે છે તે કોઈ ચીજ જ અલૌકિક છે, તેનો અંદરમાં ખૂબ મહિમા આવવો જોઈએ. અહા! ઝીણી વાત છે ભાઈ! આ હજી તો સમ્યગ્દર્શન—ધર્મની શરૂઆત—કેમ થાય તેની વાત છે. —✻—

# 卐 જ્ઞાનીની દૃષ્ટિ 卐

જ્ઞાનીને દૃષ્ટિ-અપેક્ષાએ ચૈતન્ય અને રાગની અત્યંત ભિન્નતા ભાસે છે, જોકે તે જ્ઞાનમાં જાણે છે કે રાગ ચૈતન્યની પર્યાયમાં થાય છે. ૫૮.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

**'જ્ઞાનીને દૃષ્ટિ-અપેક્ષાએ ચૈતન્ય અને રાગની અત્યંત ભિન્નતા ભાસે છે,'**

ભગવાન આત્મા આનંદસ્વરૂપ અને રાગ આકુળતાસ્વરૂપ એમ જ્ઞાનીને બન્ને ભિન્ન ભાસે છે. ત્રિકાળી નિત્યાનંદ ચૈતન્યપ્રભુ ઉપર દૃષ્ટિ પ્રસરતાં સાથે જે જ્ઞાન થાય તે, ચૈતન્ય અને રાગને અત્યંત ભિન્ન જાણે છે. 'દૃષ્ટિની અપેક્ષાએ'—એમ કેમ કહ્યું? કે....જેને દૃષ્ટિ થઈ છે તેને સમ્યગ્જ્ઞાન હોય; જેને તત્ત્વની દૃષ્ટિ નથી તેને સમ્યગ્જ્ઞાન હોતું નથી. તેથી દૃષ્ટિ-અપેક્ષાએ ધર્મીને ચૈતન્ય અને રાગની અત્યંત ભિન્નતા ભાસે છે એમ કહ્યું. ચૈતન્યસ્વરૂપ આનંદ ને રાગસ્વરૂપ આકુળતા તે ભાવભિન્નતાને જ્ઞાન જાણે છે. જેને દૃષ્ટિ થઈ નથી તેને ચૈતન્ય અને રાગને ભિન્ન જાણવાની તાકાત નથી.

દૃષ્ટિમાં આલંબન ધ્રુવ દ્રવ્ય જ છે. પણ દૃષ્ટિ સાથે જે જ્ઞાન થયું તે ચૈતન્ય અને રાગને ભિન્ન જાણે છે, કારણ કે જ્ઞાનનો સ્વભાવ સ્વપર-પ્રકાશક છે. દૃષ્ટિનો સ્વભાવ તો નિર્વિકલ્પ છે. એણે તો તદ્દન દ્રવ્યનો જ આશ્રય લીધો છે. દ્રવ્યનો આશ્રય લીધો છે તેનું જ્ઞાન, જ્ઞાન કરે છે. દૃષ્ટિ છે તે પોતે પોતાને જાણતી નથી અને જે પોતાને જાણે નહિ તે, જે આશ્રય છે તેને કેમ જાણે? પરંતુ બહારથી ખસીને અંદર જાય છે ત્યાં દૃષ્ટિનો વિષય ધ્રુવ થઈ જાય છે. તેનો વિષય ધ્રુવ થઈ જાય છે તેમ જાણે છે કોણ? જ્ઞાન. અહા! આવો માર્ગ છે! ઝીણું પડે, પણ શું થાય?

લોકોએ વીતરાગ માર્ગમાં ફેરફાર કરી નાખ્યો છે. પ્રથા અને શૈલી ફેરવી નાખી છે. આ વાત સાંભળવા મળતી હોય તો સમજવામાં સહેલું પડે, પણ આ તો માર્ગમાં ફેરફાર કરી નાખ્યો છે.

**'જોકે તે જ્ઞાનમાં જાણે છે કે રાગ ચૈતન્યની પર્યાયમાં થાય છે.'**

રાગ જડમાં થાય છે અને રાગ જડનો છે—એમ નથી. ભગવાન આત્મા ચૈતન્ય તે ચૈતન્યસ્વરૂપ છે, અને રાગ છે તે ચૈતન્યસ્વરૂપના અભાવસ્વરૂપ છે માટે તેને જડ કહ્યો છે. દૃષ્ટિ તો એક ધ્રુવ તત્ત્વને જ અવલંબે છે. દૃષ્ટિનો વિષય રાગને જાણવું—એમ નથી. પણ જ્ઞાન જાણે છે કે રાગ ચૈતન્યની પર્યાયમાં થાય છે. ભલે તેને પુદ્ગલ કહ્યો હોય, અચેતન જડ કહ્યો હોય, અજીવ કહ્યો હોય, એ સ્વભાવની અપેક્ષાએ; પરંતુ થાય છે પોતાની પર્યાયમાં—એમ જ્ઞાની જ્ઞાનમાં બરાબર જાણે છે. મારી પર્યાયમાં રાગ થાય છે એમ જ્ઞાની બરાબર જાણે છે. —૦—

# 卐 સ્વરૂપમાં ગતિ કર 卐

જો તારી ગતિ વિભાવમાં જાય છે તો તેને ઉતાવળથી ચૈતન્યમાં લગાડ. સ્વભાવમાં આવવાથી સુખ અને ગુણોની વૃદ્ધિ થશે; વિભાવમાં જવાથી દુઃખ અને ગુણોની હાનિ થશે. માટે ઉતાવળથી સ્વરૂપમાં ગતિ કર. ૭૪.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

**'જો તારી ગતિ વિભાવમાં જાય છે તો તેને ઉતાવળથી ચૈતન્યમાં લગાડ.'**

પરમાનંદસ્વરૂપ શુદ્ધ જ્ઞાયકપ્રભુમાંથી તારી પરિણતિ જો વિભાવમાં જાય છે તો તેને ઉતાવળથી એટલે કે ઉગ્ર પુરુષાર્થ કરીને ચૈતન્યમાં લગાવ. પછી કરશું, પછી કરશું—એમ નહિ. 'પછી કરશું'માં પછી રહી જશે. પ્રવચનસારમાં આવ્યું છે ને!—'જ્ઞાનની કળા વડે આ એક આખા શાશ્વત સ્વ તત્ત્વને પ્રાપ્ત કરીને આજે પરમાનંદ-પરિણામે પરિણમો.' 'તે ચૈતન્યને જ ચૈતન્ય આજે પ્રબળપણે–ઉગ્રપણે અનુભવો.'

વળી, સમયસારની પાંચમી ગાથાની ટીકામાં કહ્યું છે કે વિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન અમારા ગુરુએ મહેરબાની—કૃપા કરીને જે શુદ્ધ આત્મા બતાવ્યો છે તે અમે કહીએ છીએ; તેને અનુભવપ્રત્યક્ષથી પ્રમાણ કરજે. એકત્વવિભક્તસ્વરૂપ શુદ્ધ આત્માનો ઉપદેશ આપવાનો અમે ઉદ્યમ કર્યો છે તેને તું પ્રમાણ કરજે, હા પાડજે. વ્યવહારથી શ્રદ્ધા કરજે એમ કહ્યું નથી. અમે જે કહીએ છીએ તેને, પરનું લક્ષ છોડી દઈને, તારા આત્મામાં લક્ષ દઈને, અનુભવથી પ્રમાણ કરજે. અહા! દિગંબર સંતોની વાણી તો જુઓ! આ વાત બીજે ક્યાં મળે? અહા! દિગંબર સંતો કે જેમણે પોતાના જ્ઞાયકપરમેશ્વરના હાજરાહજૂર ભેટા કરેલા, એમની, અંદર જ્ઞાયકપરમેશ્વરને પ્રાપ્ત કરવાની જ સીધી વાત! સ્વર્ગમાં જઈશું, પછી ભગવાન પાસે જઈશું, ત્યાં સમકિત પામશું, ને પછી ચારિત્ર પામશું—એમ કહ્યું નથી, એ વાણી સંતોની નહિ. અહીં તો કહે છે કે તું તારો પુરુષાર્થ 'છે' એમાં—પોતાના ચૈતન્યતત્ત્વમાં—ઉગ્રતાથી લગાવ.

**'સ્વભાવમાં આવવાથી સુખ અને ગુણોની વૃદ્ધિ થશે; વિભાવમાં જવાથી દુઃખ અને ગુણોની હાનિ થશે. માટે ઉતાવળથી સ્વરૂપમાં ગતિ કર.'**

ભગવાન આત્મા સ્વમાં આવવાથી સુખમાં–આનંદમાં તેમ જ બીજા જે ગુણો છે તેની બધી પર્યાયોમાં વૃદ્ધિ થશે. બે વાત લીધી છે: (૧) ચૈતન્યમાં પુરુષાર્થ લગાવ એટલે મૂળ ચીજ જે આનંદ, તેની તેમ જ અન્ય ગુણોની પરિણતિમાં શુદ્ધિ તથા વૃદ્ધિ થશે અને (૨) વિભાવમાં જવાથી દુઃખ અને ગુણોની હાનિ થશે. વિભાવમાં જવાથી આકુળતા ને ગુણોની પરિણતિમાં નુકસાન થશે; સ્વભાવમાં જવાથી નિરાકુળ સુખ ને બીજા ગુણોની પરિણતિમાં લાભ થશે. માટે ઉતાવળથી, સ્વભાવ તરફના પુરુષાર્થમાં ઉગ્રતા લાવીને સ્વરૂપમાં ગતિ કર.

—o—

## 卐 આત્મતીર્થ 卐

આત્મારૂપી પરમપવિત્ર તીર્થ છે તેમાં સ્નાન કર. આત્મા પવિત્રતાથી ભરેલો છે, તેની અંદર ઉપયોગ મૂક. આત્માના ગુણોમાં તરબોળ થઈ જા. આત્મતીર્થમાં એવું સ્નાન કર કે પર્યાય શુદ્ધ થઈ જાય, મલિનતા ટળી જાય. ૧૦૯.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

**'આત્મારૂપી પરમપવિત્ર તીર્થ છે તેમાં સ્નાન કર.'**

સમ્મેદશિખર, ગિરનાર ને શત્રુંજય આદિ બાહ્ય તીર્થની યાત્રાના ભાવ થાય તે શુભ ભાવ છે, પુણ્ય છે, ધર્મ નથી.

પ્રશ્નઃ—સમ્મેદશિખર તીર્થનાં દર્શન કરે તો ૪૯ ભવે મોક્ષ થાય ને?

ઉત્તરઃ—ભાઈ! એ ભગવાનનું વચન નથી. લાખ વાર સમ્મેદશિખરનાં દર્શન કો પણ તેથી શું? પરિણામમાં કષાય મંદ કરે તો તે શુભ રાગ છે. શુભ રાગથી કદી મોક્ષ ન થાય, બંધ થાય. અહા! જીવોએ ક્યાંનો ક્યાં ધર્મ મનાવી દીધો છે!

આત્મારૂપી પરમપવિત્ર તીર્થ તું જ છો; જેનાથી તરવાનો ઉપાય પ્રગટ થાય તે એવું તારું તીર્થ તો તારી પાસે જ છે. કેવળજ્ઞાન પામવાનો જે ઉપાય તેને તીર્થ કહીએ. તીર્થફળ એટલે કે કેવળજ્ઞાન સ્વરૂપનો આશ્રય કરવાથી આવે છે. જે ત્રિકાળ જ્ઞાયકસ્વરૂપમાં આરૂઢ થયો એણે આત્મારૂપી પરમપવિત્ર તીર્થની યાત્રા કરી. અહાહા શ્રી કુંદકુંદાચાર્યદેવે—પંચમ આરાના વીતરાગી સંતે—વિદેહની યાત્રા કરી હતી, સદે શ્રી સીમંધરભગવાનના સમવસરણમાં ગયા હતા. એ પણ શુભ ભાવ હતો. ખરેખર તે આ આત્મા જ અંદર પરમ તીર્થ છે કે જેમાં આરૂઢ થવાથી પવિત્રતાની ધારા પ્રગ થાય છે. અતીન્દ્રિય આનંદનો ધોધ વરસે એવો એ ભગવાન આત્મા પરમપવિત્ર તીર્થ છે, એમાં તું સ્નાન કર; એમાં જા....એમાં જા....તો તારો સંસારકીચડ ધોવાઈને સા થઈ જશે ને અંદર પરમ પવિત્રતા પ્રગટ થશે.

શત્રુંજયની ૯૯ જાત્રા કરે અને એટલો મહિમા કરે, જાણે અમે તરી ગયા ભાઈ! એ શુભભાવ છે, ધર્મ નહિ. અશુભથી બચવાની અપેક્ષાએ તેને યાત્રા કહેવા છે. બાકી ખરું તીર્થ તો, સમતાનો સાગર, સમતાનો ડુંગર, વીતરાગભાવથી ભરેલ

સમ્મેદશિખર એકલો પોતે છે. ત્યાં એક વાર જવાથી તારું પવિત્રતાનું કામ થઈ જશે. આમાં આવું આવે એટલે લોકોને લાગે કે–અરે! અમારાં તીર્થ અને યાત્રાને આ ઉડાડે છે, દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિને રાગ કહે છે. બાપુ! તારો નાથ તો અંદર વીતરાગ ભાવથી ભરેલો છે ને! આત્મા અંદર વીતરાગસ્વરૂપ જ, જિનસ્વરૂપ જ છે. એ જિનસ્વરૂપ નિજ આત્મામાં આરૂઢ થા, તેની યાત્રા કર, તેમાં સ્નાન કર.

**'આત્મા પવિત્રતાથી ભરેલો છે, તેની અંદર ઉપયોગ મૂક.'**

પહેલાં કહ્યું ને—આત્મા એકલો પવિત્રતાનો પિંડ છે, પવિત્રતાનું તીર્થધામ છે, પવિત્રતાથી ભરેલો ભગવાન છે; એમાં ડૂબકી માર. ભાઈ! રાગમાં રુંધાઈ ગયો છો ત્યાંથી ખસીને અહીં આત્મારૂપી પવિત્ર તીર્થમાં જા ને એમાં સ્નાન કર ને જાણવા-દેખવાનો જે ઉપયોગ રાગમાં વર્તે છે, તે વર્તે તો છે જ; તે ઉપયોગને આત્મામાં જોડી દે. તારી પવિત્રતા તારામાં પડી જ છે; તેમાં ઉપયોગ મૂક. આત્માના ગુણોમાં તરબોળ થઈ જા, આત્મતીર્થમાં એવું સ્નાન કર કે પર્યાય શુદ્ધ થઈ જાય, મલિનતા ટળી જાય.

—o—

[ વારંવાર અભ્યાસ કર.... પેઈજ નં. ૨૦ થી ચાલુ ]

"જેમ પતંગ આકાશમાં ઊડે પણ દોર હાથમાં હોય છે, તેમ 'ચૈતન્ય છું' એ દોર હાથમાં રાખવો."

પતંગ આકાશમાં ગમે ત્યાં જાય પણ દોર હાથમાં હોય છે, તેમ 'ચૈતન્યસિંધુ છું' એ દોર હાથમાં રાખવો. ચૈતન્યમય કાયમી ચીજ, ટકતી ચીજ તે હું છું; ત્રિકાળ ટકતું તત્ત્વ—જ્ઞાયક ચૈતન્ય તે હું છું, એ દોર હાથમાં રાખીને ભૂમિકા પ્રમાણે ભલે ગમે તેવા વિકલ્પો આવે તોપણ દૃષ્ટિ દ્રવ્ય ઉપરથી જરાય ખસતી નથી.

'વિકલ્પો આવે, પણ ચૈતન્યતત્ત્વ તે હું છું—એવો વારંવાર અભ્યાસ કરવાથી દૃઢતા થાય.'

શુભાશુભ વિકલ્પો આવે, પણ ચૈતન્ય શુદ્ધતત્ત્વ તે હું છું—એ દોર લક્ષમાંથી ખસવો ન જોઈએ. 'હું ચૈતન્ય છું' એવો વારંવાર અભ્યાસ કરવાથી અંદર દૃઢતા થાય. શુભભાવ કરવાથી ચૈતન્યની દૃઢતા થાય નહિ, પણ અંદર સ્વભાવની દૃષ્ટિનો અભ્યાસ રાખવાથી દૃઢતા થાય.

—o—

# 卐 પરમાત્મા 卐

## પરમાત્મા સર્વોત્કૃષ્ટ કહેવાય છે. તું પોતે જ પરમાત્મા છે. ૧૧૧.

('બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)

'પરમાત્મા સર્વોત્કૃષ્ટ કહેવાય છે.'

આ જગતમાં પરમેશ્વર સૌથી ઊંચો કહેવાય છે. વાત સાચી; પણ એ છે કોણ?

'તું પોતે જ પરમાત્મા છો.'

કેમ બેસે? અતીન્દ્રિય જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણનો પિંડ એવું જે તારું સ્વરૂપ તે જ સર્વોત્કૃષ્ટ છે, પરમાત્મા છે. તું જો પરમાત્મા ન હો તો સર્વજ્ઞ-સ્વરૂપ પરમાત્મદશા આવશે કયાંથી? શું તે કયાંય બહારથી આવે એવી છે? પ્રાપ્તની પ્રાપ્તિ થાય છે; છે તેમાંથી પ્રગટ થાય છે.

અહા! મહાવિદેહમાં પ્રભુ સમવસરણમાં બિરાજે છે. સો સો ઇન્દ્રો અને જંગલમાંથી સેંકડો વાઘ ને કેસરી સિંહનાં ટોળાં વાણી સાંભળવા આવે છે. અહા! પરમાત્માની એ વાણી કેવી હશે? સર્વજ્ઞ પરમાત્મા એમ કહે છે કે—આ જગતમાં જે પરમાત્મા કહેવાય છે તે કોણ? કે તું. પર્યાયમાં પ્રગટ પરમાત્મા થયા; પણ એ પદ આવ્યું કયાંથી? પોતે શક્તિ-અપેક્ષાએ પરમાત્મસ્વરૂપ છે એમાંથી પરમાત્મપર્યાય આવી છે.

અહા! જીવે પોતાને પામર તરીકે સ્વીકાર્યો છે કે દયાનો પાળનાર તે હું. અરે, પ્રભુ! રાગની ક્રિયા કરનારો તે તું? જ્ઞાયક ચૈતન્યજ્યોતિને રાગનું કર્તૃત્વ સોંપવું તે તો અજ્ઞાન ને મિથ્યા ભ્રમ છે. સર્વોત્કૃષ્ટ જે પરમાત્મા કહેવાય છે તે તું પોતે છો—એમ શ્રી જિનેશ્વરદેવનો પોકાર, દિવ્યધ્વનિ દ્વારા, ગણધરો ને ઇંદ્રોની સમક્ષ આવ્યો છે.

અહા! પ્રભુની એ વાણી! કેમ બેસે? આનંદધામ એવી પોતાની ચીજને તેં નજરમાં ન લીધી. એ ચીજ પોતે પરમાત્મા છે, પરમસ્વરૂપ છે, એ જ તારું સ્વરૂપ છે. એ સ્વરૂપથી તું જુદો નથી. શરીર અને રાગદ્વેષ એ તો કયાંય રહી ગયા, પણ એને જાણનારી પર્યાય પણ આત્માનું ત્રિકાળી ધ્રુવ સ્વરૂપ નથી. અહા! આ તો અંતરની રમતો છે બાપુ! આવે છે ને—

[ અનુસંધાન માટે જુઓ પાનું ૨૮ ]

## 卐 લગની લગાડ 卐

ઊંડાણમાંથી લગની લગાડીને પુરુષાર્થ કરે તો વસ્તુ મળ્યા વિના રહે નહિ. અનાદિ કાળથી લગની લાગી જ નથી. લગની લાગે તો જ્ઞાન અને આનંદ પ્રગટે જ. ૧૩૯

('બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)

**'ઊંડાણમાંથી લગની લગાડીને પુરુષાર્થ કરે તો વસ્તુ મળ્યા વિના રહે નહિ.'**

ભાષા તો ગુજરાતી, સાદી અને બહુ મીઠી છે!

ધ્રુવ જ્ઞાયક સત્ત્વ જેનું તળિયું છે એવા પ્રભુ ભગવાન આત્મામાં વર્તમાન પર્યાયને ઊંડાણમાં લઈ જઈને ત્રિકાળી ધ્રુવ સ્વરૂપની ઊંડાણમાંથી લગની લગાવે, તે તરફનો પુરુષાર્થ કરે તો વસ્તુ મળ્યા વિના રહે નહિ.

કૂવામાં પાતાળ ફૂટીને જે પુષ્કળ પાણી આવે તે કદી ખૂટે નહિ; એમ આ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન વગેરે ગુણોની નિર્મળ ધારા આવે છે તે ઊંડાણમાંથી—ધ્રુવ સ્વભાવના આશ્રયે—પ્રગટે છે. ઊંડું જવું એટલે વર્તમાન પર્યાયથી અંદર ધ્રુવ સ્વરૂપમાં જવું. પર્યાય વર્તમાન છે તે તો બહાર છે. અનંત અનંત અમાપ ગુણરત્નાકર છલોછલ ભર્યો છે. ત્યાં દૃષ્ટિને લઈ જવી. ભાષા સાદી છે, પણ ભાવ તો જુઓ!

અહા! ઊંડાણમાંથી લગની લગાડીને પુરુષાર્થ કરે તો વસ્તુ—પૂર્ણ જ્ઞાન ને આનંદનું ધામ—મળ્યા વગર રહે નહિ. બોટાદ પાસે જનડા ગામમાં પાતાળકૂવો છે. એક સાથે ૧૮ કોશથી પાણી કાઢે છતાં ખૂટે નહિ. એમ આ ભગવાન આત્મા આનંદનો ઊંડો કૂવો છે. તેની લગની લગાડીને પુરુષાર્થ કરે તો આત્મવસ્તુ મળ્યા વિના રહે નહિ. પર તરફ પુરુષાર્થ કરે તો રાગ ને પુણ્ય-પાપ થાય છે ને? તેમ આ બાજુ પુરુષાર્થ કરે તો પવિત્રતા ભરેલી ચીજ—સહજ જ્ઞાયકવસ્તુ—મળ્યા વિના રહે જ નહિ.

વસ્તુ એટલે અનંત ગુણોનું ધામ—ચૈતન્ય, આત્મા; એ તરફ રુચિ કરીને પુરુષાર્થ કરે તો તે મળ્યા વિના રહે જ નહિ. જેટલી પુરુષાર્થની કચાશ છે એટલું કારણ આપ્યું નથી, માટે કાર્ય આવતું નથી. થોડો પુરુષાર્થ કરે ને તેથી વસ્તુની પ્રાપ્તિ થાય એમ ઇચ્છે, તેણે કારણની પૂર્ણતા આપી નથી, તો પછી તેને કાર્ય ક્યાંથી આવે?

'અનાદિ કાળથી લગની લાગી જ નથી.'

જૈનનો દિગંબર સાધુ થયો અનંત વાર, પણ અંતરની લગની નહિ, બહારના ક્રિયાકાંડમાં બસ મશગૂલ! વ્રત પાળ્યાં ને અભિગ્રહ લીધા, આકરા નિયમો ધારણ કર્યા, ભિક્ષા માટે જાઉં ત્યાં આ પ્રમાણે હોય તો જ આહાર લઉં—મોતી નામની બાઈ હોય, મોતીચૂરના લાડવા બનાવેલા હોય, મોતીની ભાતવાળો સાડલો પહેર્યો હોય, સાડલાના છેડે મોતી બાંધેલાં હોય, તો જ આહાર લઉં, નહિતર ન લઉં—એવા આકરા નિયમ પણ અનંત વાર ધાર્યા, પણ એ તો બધા વિકલ્પો છે.

'લગની લાગે તો જ્ઞાન અને આનંદ પ્રગટે જ.'

અનાદિ કાળથી આત્માની લગની લાગી જ નથી. લગની લાગે તો જ્ઞાન ને આનંદ પ્રગટે જ; અંદર ધ્રુવ પાતાળમાંથી જ્ઞાન ને આનંદ ફૂટે જ, નીકળે જ. શાસ્ત્રનું ભણતર એ કાંઈ જ્ઞાન નથી. અંદર ત્રિકાળી ધ્રુવ જ્ઞાનસ્વરૂપમાં એકાગ્ર થતાં જે નિર્મળ જ્ઞાનધારા આવે—તેની સાથે અતીન્દ્રિય આનંદ પણ આવે—તેને જ્ઞાન કહેવામાં આવે છે. અંદરથી લગની લાગે તો એ નિર્મળ જ્ઞાન ને અતીન્દ્રિય આનંદ પ્રગટ્યા વિના રહે જ નહિ.

—o—

[ પરમાત્મા....પાનું ૨૬ થી ચાલુ ]

સ્થિરતા એક સમયમેં ઠાણે, ઉપજે વિણસે તબ હી;
ઉલટ-પુલટ ધ્રુવ સત્તા રાખે, યા હમ સુનિ ન કબહી.

પર્યાયમાં ઉત્પાદવ્યય છે, વસ્તુપણે જે ત્રિકાળ છે તે ધ્રુવ છે. ચૌદ બ્રહ્માંડરૂપ નગરમાં આત્મારૂપી નટ ચાર ગતિ વિષે ભટક્યો.

'અબધૂ! નટ નાગરકી બાજી, જાનૈ ન બ્રાહ્મણ કાજી.'

બ્રાહ્મણ નામ વેદ, અને કાજી નામ કુરાન. ભગવાને જોયેલી આ વાત વેદમાં કે કુરાનમાં ક્યાંય નથી. અહાહા! આ તો ત્રિલોકનાથ જિનેશ્વરદેવને એક સમયમાં ત્રણ કાળ ને ત્રણ લોક એક સાથે જણાયા, તેમાં આ વાત આવી છે. બીજાએ જાણ્યું છે જ ક્યાં? બાપુ! ભગવાને જોયો એવો પરમ પુરુષ તું પોતે જ પરમાત્મા છો. અહાહા! 'હું તો વસ્તુએ પૂરણ પરમાત્મા છું, વર્તમાનમાં જે પર્યાય છે તે ભલે ઓછી હોય પણ વસ્તુસ્વરૂપ તો સદા પૂરણ છે'—એવી દૃષ્ટિ અંતરમાં થવી, એનું નામ સમ્યગ્દર્શન છે.

—o—

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી (તા. ૧૦-૩-૮૮)

અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીનું મનમોહક મંગળ વાતાવરણ અધ્યાત્મસૌરભની સુગંધની સાથે સાથે વીતરાગ દેવ-ગુરુ-ધર્મની ભક્તિરસપ્લાવિત અનુપમ મહિમાથી હંમેશા પ્રફુલ્લિત બની રહે છે. ફાગણ માસ તો ઉત્સવોની હારમાળાથી મુમુક્ષુસમાજને પ્રમોદિત કરી દે છે. શ્રી સીમંધરસ્વામી દિ. જિનમંદિર વાર્ષિક મહોત્સવ, પંચમેરુનંદીશ્વર જિનાલયનો પંચકલ્યાણક વાર્ષિક મહોત્સવ, ફાગણ માસની અષ્ટાહ્નિકા, શ્રી મહાવીર-કુન્દકુન્દ જૈન પરમાગમ મન્દિરનો વાર્ષિકોત્સવ —આ બધા મંગળ અવસર આપણા આદરણીય પંડિતજી શ્રી હિમ્મતભાઈ જે. શાહ દ્વારા પોતાના વૈરાગ્ય તથા ભક્તિભીના મધુર સ્વરથી કરાવેલ પૂજા-ભક્તિના શુભાનુષ્ઠાન તથા તત્ત્વજ્ઞાનોપાસનાપૂર્વક સુસમ્પન્ન થયા.

આ દિવસોમાં તા. ૯ થી ૧૩ માર્ચ પાંચ દિવસનો—પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચમ્પાબહેનની ૫૬ મી 'સમ્યક્ત્વજયંતી'નો મંગળ મહોત્સવ શ્રી અમદાવાદ (ખાડિયા) દિ. જૈન મુમુક્ષુવૃન્દ તરફથી ઉજવાઈ રહ્યો છે. અમદાવાદ, મુંબઈ, રાજકોટ, ખંડવા, મદ્રાસ, દિલ્હી, ભાવનગર, નાઈરોબી વગેરે ઘણા ગામોથી ઘણા મુમુક્ષુઓ આ સમ્યક્ત્વ-મહિમાના અનુપમ મહોત્સવનો લાભ લેવા આવ્યા છે. ઉત્સવમાં દરરોજ સવારના 'હું જ પરમાત્મા છું'—એમ નિર્ણય કર, વિગેરે પૂજ્ય ગુરુદેવશ્રીની, આત્માર્થીને જાગૃત કરાવવાવાળી ગગનગુંજી દિવ્યધ્વનિથી મુમુક્ષુસમાજ પ્રફુલ્લિત થઈ રહ્યો છે. ત્યારબાદ ચૌંસઠઋદ્ધિ-મંડલવિધાનપૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન, આદરણીય પં. શ્રી હિમ્મતભાઈ દ્વારા ભક્તિ, બપોરે પૂજ્ય બહેનશ્રીની આધ્યાત્મિક તત્ત્વચર્ચા, ૩ વાગે સમાગત વિદ્વાનોનું શાસ્ત્રપ્રવચન, આ૦ પં. શ્રી હિમ્મતભાઈ દ્વારા જિનમન્દિરરમાં જિનેન્દ્રભક્તિ વિગેરે વિવિધ કાર્યક્રમ ઉત્સવના દિવસોમાં નિયમિત ચાલે છે. સમ્યક્ત્વ તથા સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી દ્વારા પોતાની સ્વાનુભૂતિધારાથી પ્રવાહિત ગુરુભક્તિભીની અસાધારણ તાત્ત્વિકચર્ચા બધાને આનન્દિત કરે છે. આ ચર્ચાલાભથી શ્રવણ કરવાવાળા દરેક શ્રોતા ઉત્સવમાં આવવું સાર્થક અનુભવે છે.

પૂજ્ય બહેનશ્રીની ૫૬ મી સમ્યક્ત્વ જયંતીના અવસર પર કાયમી મંડળવિધાનપૂજા શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી તથા પરિવાર તરફથી, તેમ જ પ્રાસંગિક વિધાનપૂજા (૧) શ્રી રતનબેન શિવલાલ દોશી (લખતરવાળા), (૨) શ્રી હીરાલાલ ભીખાલાલ શાહ દેહગામ તરફથી રાખવામાં આવી છે.

ચૈત્ર સુદ ૧૦ (તા. ૨૭-૩-૮૮) માનસ્તમ્ભની વાર્ષિક પ્રતિષ્ઠાતિથિ; ચૈત્ર સુદ ૧૩ ગુરુવાર તા. ૩૧-૩-૮૮ મહાવીર જયંતી તથા પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના દિ. જૈનધર્મમાં 'પરિવર્તન'ની ૫૪ મી જયંતી; વૈશાખ સુદ ૨, સોમવાર, તા. ૧૮-૪-૮૮ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની ૯૯ મી જન્મજયંતી; વૈશાખ સુદ ૩ (તા. ૧૯-૪-૮૮) અક્ષયતૃતીયા-મુનિવર ઋષભદેવને આહારદાનનો પર્વ; વૈશાખ સુદ ૧૦ (તા. ૨૬-૪-૮૮) મહાવીર-કેવળજ્ઞાન કલ્યાણક; જેઠ વદ ૬ (તા. ૭-૫-૮૮) સોનગઢના સમવસરણમન્દિરની ૪૭ મી વાર્ષિક પ્રતિષ્ઠાતિથિ, જેઠ વદ ૮ (તા. ૯-૫-૮૮) સોનગઢના સ્વાધ્યાયમન્દિરનો તથા તેમાં સમયસાર-પરમાગમની સ્થાપનાનો ૫૧ મો વાર્ષિક દિવસ છે. આ બધા સુઅવસર પૂજા-ભક્તિ તથા જ્ઞાનોપાસનાપૂર્વક ઉજવાશે.

અધ્યાત્મ-સાધનાભૂમિ સુવર્ણપુરીની અનુપમ શોભા પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચમ્પાબહેનનું સ્વાસ્થ્ય ઠીક છે. તેઓશ્રીના પાવન દર્શન તથા એમની સ્વાનુભવ-રસભીની અધ્યાત્મતત્ત્વચર્ચાનો અમૂલ્ય લાભ મુમુક્ષુસમાજ તથા સમાગત મેહમાનોને મળ્યા કરે છે.

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચમ્પાબેનને હીરાથી વધાવવાનો અમૂલ્ય લાભ મળવાના હર્ષોપલક્ષમાં :—રૂા. ૫૬૦૦/- શ્રી શારદાબેન મહેન્દ્રભાઈ વારીયા પરિવાર તરફથી સંસ્થાના નન્દીશ્વરજિનાલય, જ્ઞાન-પ્રચાર આદિ વિવિધ ખાતામાં જાહેર થયા છે.

—૦—

## અભક્ષ્ય સાબુદાણા

આધારભૂત પ્રાપ્ત માહિતી પ્રમાણે:—

તામિલનાડુના સેલમ પ્રાંતમાં સાબુદાણાનો મોટો ઉદ્યોગ ચાલે છે. કેરળમાં રતાળુ કંદમૂળનો મોટા પ્રમાણમાં પાક થાય છે. આ રતાળુ કંદમૂળનો માવો બનાવીને ફેક્ટરીના ખુલ્લા પ્લોટમાં ૪૦'×૩૫' મોટી કુંડીઓમાં ચાર-છ માસ સુધી પાણીથી પલાળીને સડો કરવામાં આવે છે. આઠ દિવસમાં સડો થતાં જ સફેદ રંગની અનેક કદની અબજો ઇયળો ઉત્પન્ન થઈ જાય છે કે જેથી કુંડીની દિવાલો પણ ઇયળોથી ઢંકાઈ જાય છે. દર આઠ પંદર દિવસે કુંડીમાં નાના નાના છોકરાઓને ઉતારી અબજો ઇયળોવાળા રતાળુના માવાને પગ દ્વારા ખુંદાવીને એકરસ બનાવાય છે. કુંડીઓ ઉપર રાત્રે ઉજાસ માટે મોટી મોટી લાઈટો ચાલુ રખાતી હોવાથી પ્રકાશના જીવડાઓ પણ આ સડામાં પડે છે. સંડાસની ગટરમાં ઇયળો ખદબદતી હોય તેવી રીતે આ માવામાં અબજો ઇયળો ખદબદતી હોય છે ને દર ૮-૧૫ દિવસે તેને ખૂંદવામાં આવે છે. આ રીતે ચાર-છ માસ સુધી આ ક્રિયા કરવામાં આવે છે. ત્યારબાદ આ માવો મશીનમાં નાખી ગોળ દાણા પાડીને સૂકવાય છે. સૂકાયા બાદ મશીનથી પોલીશ કરીને સાબુદાણારૂપે તૈયાર થાય છે ને પોલીશ કરતાં જે પાઉડર પડે તે સ્ટાર્ચ (આર)—વિગેરેમાં પણ વપરાય છે.—આમ સાબુદાણા રતાળુ કંદમૂળમાંથી બનવા ઉપરાંત અબજો અબજો અબજો ઇયળમાંથી બનેલ અત્યંત અભક્ષ્ય પદાર્થ છે.

અધ્યાત્મસાધનાતીર્થ સુવર્ણપુરીમાં

પરમોપકારી પૂજ્ય સદ્દગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો

# ૯૯ મો જન્મજયંતી-મહોત્સવ

અત્યંત આનંદોલ્લાસ સહ નિવેદન કે આપણા પરમ તારણહાર, અધ્યાત્મવિદ્યાનો સાતિશય યુગ પ્રવર્તાવનાર, પરમોપકારી પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની મુમુક્ષુજન-આનંદકારી ૯૯ મી મંગલ જન્મજયંતી ( વૈશાખ સુદ ૨ )ના ઉપલક્ષમાં તા. ૧૪-૪-૮૮, ગુરુવારથી તા. ૧૮-૪-૮૮, સોમવાર—એમ પાંચ દિવસનો મંગલ ઉત્સવ અમારા તરફથી—શ્રી કુંદકુંદ-કહાન-પરિવાર-યુવકમંડળ ટ્રસ્ટ ( રાજકોટ ) તરફથી—સોનગઢમાં પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ગુરુભક્તિરસપ્લાવિત છત્રછાયામાં ઊજવવાની અમારી ભાવના શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સમક્ષ રજૂ કરતાં, ટ્રસ્ટીમંડળે અમારી ગુરુભક્તિભીની ભાવના લક્ષમાં લઈને ઉદારતાથી સંમતિ આપેલ છે, તે માટે તેમનો આભાર માનીએ છીએ.

ગુરુ-જન્મજયંતીનો આ પવિત્ર ઉત્સવ ' શ્રી પંચપરમેષ્ઠી મંડલવિધાન-પૂજા ', પૂજ્ય ગુરુદેવશ્રીનાં આધ્યાત્મિક ટેપ-પ્રવચનો, દેવ-ગુરુની ભક્તિ, પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો-તત્ત્વચર્ચા, સમાગત વિદ્વાનોનાં શાસ્ત્રપ્રવચન, ગ્રીષ્મકાલીન ધાર્મિક શિક્ષણવર્ગ આદિ અનેકવિધ ધાર્મિક રોચક કાર્યક્રમ દ્વારા ઊજવવામાં આવશે.

આ અનુપમ અવસરનો લાભ લેવા માટે ગુરુભક્ત સર્વ મુમુક્ષુઓને સોનગઢ પધારવાનું અમારું હાર્દિક આમંત્રણ છે. નિમંત્રણપત્રિકા તૈયાર થયે મુમુક્ષુસમાજને મોકલી આપવામાં આવશે.

—નિમંત્રક

શ્રી કુંદકુંદ-કહાન-પરિવારયુવકમંડળ ટ્રસ્ટ (રાજકોટ)

પ્રમુખ : હીરાલાલ અમૃતલાલ મહેતા

—o—

ભૂલી જા....ભૂલી જા....રાગને તું ભૂલી જા....પર્યાયને પણ ભૂલી જા....

ભાઈ! બાપુ! તારા પરમાત્મતત્ત્વને સંભાળ....સંભાળ....

અરેરે! પર્યાયને ભૂલવાની વાત છે ત્યાં રાગમાં ને દેહમાં ક્યાં રોકાયો?

"આહાહાહા! આખી દુનિયા ભુલાઈ જાય એવું તારું પરમાત્મતત્ત્વ છે. અરેરે! ત્રણ લોકના નાથ થઈને રાગમાં રોળાઈ ગયો! રાગમાં તો દુઃખની જ્વાળા સળગે છે, ત્યાંથી દૃષ્ટિને છોડી દે! અને જ્યાં સુખનો સાગર ભર્યો છે ત્યાં તારી દૃષ્ટિને જોડી દે! રાગને તું ભૂલી જા! તારા પરમાત્મતત્ત્વને પર્યાય સ્વીકારે છે, પણ એ પર્યાયરૂપ હું છું એ પણ ભૂલી જા! અવિનાશી ભગવાન પાસે ક્ષણિક પર્યાયનાં મૂલ્ય શાં? પર્યાયને ભૂલવાની વાત છે ત્યાં રાગ ને દેહની વાત ક્યાં રહી? આહાહાહા! એક વાર તો મડદાં ઊભાં થઈ જાય એવી વાત છે, એટલે કે સાંભળતાં જ ઊછળીને અંતરમાં જાય એવી વાત છે." ૯૯.

"ગુરુદેવશ્રીનાં વચનામૃત" માંથી


નવું પ્રકાશન—

## 'ગુરુદેવશ્રીનાં વચનામૃત'

'શ્રી દિગંબર જૈન પંચમેરુ-નંદીશ્વર જિનાલય' (સોનગઢ)માં ઉત્કીર્ણ પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ૨૮૭ અધ્યાત્મરસભરપૂર અનુપમ વચનામૃતનું સંકલન 'ગુરુદેવશ્રીનાં વચનામૃત'માં આપવામાં આવ્યું છે.

પુસ્તક અત્યંત ભવ્ય તેમ જ પ્રત્યેક જિજ્ઞાસુઓએ સ્વાધ્યાય કરવાયોગ્ય છે.

પડતર કિંમત રૂ. ૮-૦૦ વેચાણ કિંમત રૂ. ૪-૦૦

પ્રકાશક :— શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

સોનગઢ-૩૬૪ ૨૫૦ (સૌરાષ્ટ્ર)

# * આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો *

* જેને પરદ્રવ્ય પ્રત્યે અણુમાત્ર પણ (લેશમાત્ર પણ) રાગ હૃદયમાં વર્તે છે તે, ભલે સર્વઆગમધર હોય તોપણ, સ્વકીય સમયને જાણતો (-અનુભવતો) નથી. (શ્રી કુંદકુંદ આચાર્ય, પંચાસ્તિકાયસંગ્રહ, ગાથા-૧૬૭)

* ....નિત્ય ઉપયોગ લક્ષણવાળું જીવદ્રવ્ય પુદ્ગલદ્રવ્ય થતું જોવામાં આવતું નથી અને નિત્ય અનુપયોગ (જડ) લક્ષણવાળું પુદ્ગલદ્રવ્ય જીવદ્રવ્ય થતું જોવામાં આવતું નથી કારણ કે પ્રકાશ અને અંધકારની માફક ઉપયોગ અને અનુપયોગને સાથે રહેવામાં વિરોધ છે; જડ ચેતન કદી પણ એક થઈ શકે નહિ. તેથી તું સર્વ પ્રકારે પ્રસન્ન થા, તારું ચિત્ત ઉજ્જવળ કરી સાવધાન થા અને સ્વદ્રવ્યને જ "આ મારું છે" એમ અનુભવ. (એમ શ્રીગુરુઓનો ઉપદેશ છે.)

(શ્રી અમૃતચંદ્ર આચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૨૫)

* જેમ કોઈ પુરુષ તપેલા લોખંડના ગોળા વડે પરને ઈજા કરવા ઇચ્છતો થકો પ્રથમ તો પોતે પોતાને જ ઈજા કરે છે (-પોતે પોતાના જ હાથને બાળે છે), પછી પરને તો ઈજા થાય કે ન થાય-નિયમ નથી. તેમ જીવ તપેલા લોખંડના ગોળા સમાન મોહાદિ પરિણામે પરિણમતો થકો પ્રથમ તો નિર્વિકાર સ્વસંવેદન જ્ઞાન સ્વરૂપ નિજ શુદ્ધ ભાવપ્રાણને જ ઈજા કરે છે, પછી પરના દ્રવ્યપ્રાણોને ઈજા થાય કે ન થાય-નિયમ નથી. (શ્રી જયસેન આચાર્ય, પ્રવચનસાર-ટીકા, ગાથા-૧૪૯)

* જેવી રીતે કીચડ અને જળ બન્ને એકમેક થયેલા જેવા માલૂમ પડે છે પરંતુ શુદ્ધ જળ તરફ જ લક્ષ્ય કરતાં કીચડ લક્ષ્યગત થતો નથી, કારણ કે-વાસ્તવમાં જળ કીચડથી ભિન્ન છે. તેવી રીતે જીવ પણ નવ તત્ત્વોમાં એકમેક જેવો માલૂમ પડે છે પરંતુ શુદ્ધ જીવ એ નવતત્ત્વોથી વાસ્તવમાં ભિન્ન છે.

(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૧૬૬)

—o—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીમાં વિદ્યાર્થીઓ માટે

# ગ્રીષ્મકાલીન ધાર્મિક શિક્ષણવર્ગ

આ વર્ષે વિદ્યાર્થીઓ માટે ઉનાળાનો ધાર્મિક શિક્ષણવર્ગ પૂજ્ય ગુરુદેવશ્રીની ૯૯મી જન્મજયંતીના શુભાવસરે તા. ૪-૪-૮૮, સોમવારથી તા. ૧૮-૪-૮૮, સોમવાર—પંદર દિવસ સુધી રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે.

જઘન્યવર્ગમાં લઘુ જૈનસિદ્ધાન્તપ્રવેશિકા અને છ ઢાળા; મધ્યમવર્ગમાં જૈન સિદ્ધાન્તપ્રશ્નોત્તરમાળા અને દ્રવ્યસંગ્રહ; ઉત્તમવર્ગમાં પંચાસ્તિકાયસંગ્રહ (મોક્ષમાર્ગ-પ્રપંચસૂચકચૂલિકા) તથા પ્રવચનસાર (ગાથા ૧૦૦ થી ૧૦૨) ઉપર શિક્ષણ આપવામાં આવશે.

સૂચના:—(૧) પાઠ્યપુસ્તક (પોતાની પાસે હોય તો) તથા પોતાનું પાગરણ આદિ સાથે લાવવાં.

પ્રબંધક:—શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ (કાનજીસ્વામીનું) PIN : 364250

Licence No. 3 ' Licensed to post without prepayment '

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )

સંપાદક : નાગરદાસ બી. મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય,
જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/- પ્રત : ૩૩૫૦

356 A Kantaben M. Ajmera
Modi No. 2
Sita Burdy
NAGPUR 440012